...ના બાંધકામ કામદારોની કલ્યાણ બોર્ડ
ગાંધીનગર
10 JAN 2014
આવક નંબર : ૩૩૮



રાજયમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ૪/૧/૨૦૧૩.
૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) આ વિભાગનો તા.૨૪/૫/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૨/મ-૩.

પ્રસ્તાવિકઃ

રાજ્યમાં પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમ્યાન ઉડતી રજકણો શ્વાસો-શ્વાસે શ્વાસ મારફતે તેમના ફેફસામાં પ્રવેશતાં સીલીકો ટયુબરકયુલોસીસ/સિલિકોસીસની બિમારી લાગુ પડતી હોય છે. વ્યવસાયિકોને આ રોગ લાગુ પડતા હોવાના કિસ્સાઓમાં વળતર માટેની રજૂઆતો રાષ્ટ્રિય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હી મારફતે અવાર નવાર આ વિભાગમાં મળતી હોય છે.

આમ, રાજ્યમાં અસંગઠીત વ્યવસાયિકો તરીકે કાર્ય કરીને રોજીરોટી મેળવતા વ્યક્તિઓનું જો વ્યાવસાયિક રોગોને કારણે અવસાન થાય તો, અસંગઠીત હોવાના કારણોસર તેઓને કામદાર વળતર ધારો કે ઈ.એસ.આઈ. ધારાની કે અન્ય કોઈ કાયદાની જોગવાઈઓ હેઠળ સામાજીક સુરક્ષા પુરી પાડવામાં આવતી નથી કે કોઈ વળતર આપવાની જોગવાઈ નથી. આમ, આવા અસંગઠીત વ્યવસાયિકોને તેઓના અવસાન બાદ સામાજીક સુરક્ષા પુરી પાડીને તેઓના કુટુંબીજનોને આર્થિક સહાય કરીને મદદ કરવા માટે વંચાણમાં લીધેલ-(૧) સામેના તા.૨૪/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબની યોજનના બદલે નવી યોજના અમલમાં મુકવી જરૂર જણાઈ છે. આ હેતુસર, ઘરે રહીને સ્વરોજગારીથી કરાર મુજબ ફી લઇને જોબવર્કથી પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) કે જેઓને અન્ય કોઇ શ્રમિક કાયદાઓ હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થતો નથી. તેવા સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી ગંભીર રોગ "સિલીકોસીસ" થી થતા અવસાનના કિસ્સાઓમાં, તા. ૨૪/૫/૨૦૧૨ ના ઠરાવ હેઠળની યોજના રદ કરીને ગુજરાત રાજ્યના અસંગઠીત વ્યવસાયિકોના વારસદારોને આર્થિક સહાય પુરૂ પાડવા માટેની નવી યોજના અમલમાં મુકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

વંચાણમાં લીધેલ-(૧) સામેના તારીખઃ ૨૪/૫/૨૦૧૨ ના ઠરાવ હેઠળની યોજના રદ કરીને, રાજ્યમાં અસંગઠિત સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિકો તરીકે ઘરે રહીને સ્વરોજગારીથી કે કરાર મુજબ ફી લઇને જોબવર્કથી પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા વ્યક્તિઓનું જો વ્યવસાયિક

રોગ સિલિકોસીસના કારણે અવસાન થાય તો તેઓના વારસદારોને આર્થિક સહાય આપવા માટે નીચે દર્શાવ્યા મુંજબની યોજના પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા નવેસરથી ઠરાવવામાં આવે છે.

(ક) યોજનાનું નામ:
રાજ્યમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

(ખ) આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ:
આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ આ અંગેનો ઠરાવ બહાર પાડયાની તારીખે ગણવાનો રહેશે.

(ગ) હેતુ:
અકિકના જોખમી પ્રકારના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી અસંગઠિત વ્યવસાયિકો ( કે જેઓ ઘરે રહીને સ્વરોજગારી સ્વરુપે કામ કરતા હોય કે કરાર મુજબ ફી લઈને જોબવર્કથી કામ કરતા અને સિલિકો ટ્યુબરક્યુલોસીસ/સિલિકોસીસ રોગ થવાની સંભાવના હોય તેવા સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિકો (કે જેઓને અન્ય કોઈ શ્રમ કાયદાઓ હેઠળ કોઈ લાભ મળવાપાત્ર થતો નથી) નુ કારખાના ધારા- ૧૯૪૮ ના પરિશિષ્ટ-૩ માં જણાવેલા ૨૯ રોગો પૈકી સામાન્યતઃ લાગુ પડતા ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " રોગથી અવસાન થાય તો તેઓના કુટુંબને સામાજીક સુરક્ષા પુરી પાડવાનો હેતુ છે.

(ઘ). યોજનાનો લાભ કોને મળે ?
અકિક ક્ષેત્રમાંજ પરંતુ રાજ્યના કોઇપણ સ્થળે કામ કરતા અસંગઠિત/સ્વાશ્રયી (Self Employed) વ્યકિતઓ કે જે આ ક્ષેત્રમાં ગ્રાઇન્ડીંગ અને પોલીશીંગની કામગીરી ઘરે રહીને સ્વરોજગારી સ્વરુપે કરતા હોય કે કરાર મુજબ ફી લઈને જોબવર્કથી કરતા હોય તેવા અકિકના જોખમી વ્યવસાયોમાં રોકાયેલા અસંગઠીત પ્રકારના સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિકો ( કે જેઓને અન્ય કોઈ શ્રમ કાયદાઓ હેઠળ કોઈ લાભ મળવાપાત્ર થતો નથી) નું આ સાથેના પરિશિષ્ટ-૧ માં જણાવેલા ૨૯ રોગો પૈકીના ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " ના રોગને કારણે જો અવસાન થાય તો તેઓના કાયદેસરના વારસદારો પૈકી નીચે દર્શાવ્યાનુસારની ક્રમાનુસાર વ્યકિતઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | મૃતકના પતિ અથવા પત્ની | દર્દીની ગેરહયાતિમાં |
| (બ) | મૃતકના બાળકો | દર્દીની ગેરહયાતિમાં |
| (ક) | મૃતકના માતા અને / અથવા પિતા | ઉકત (અ) અને (બ) ની ગેરહયાતિમાં |
| (ડ) | મૃતકના પૌત્ર | ઉકત (અ), (બ), (ક) ની ગેરહયાતિમાં |
| (ઈ) | મૃતકના અપરિણિત અથવા વિધવા ત્યકતા બહેન | ઉકત (અ), (બ), (ક) અને (ડ) ની ગેરહયાતિમાં |

(ફ) ઉપરોકત કિસ્સાઓ સિવાયના કેસોમાં ઇન્ડિયન સકસેશન એકટ હેઠળ જાહેર થયેલ વારસદાર.

(૫). આર્થિક સહાયઃ

આ યોજના હેઠળ રૂ.૧,૦૦,૦૦૦/- એકે રૂ. એક લાખ આર્થિક સહાય પેટે આપવામાં આવશે.

(૭) યોજનાના અમલીકરણની કામગીરી

આ યોજનાના અમલીકરણની કામગીરી ગ્રામ શ્રમ આયુક્ત, ગાંધીનગર તેમજ તેમના હસ્તકની જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓ અને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ ઉપરાંત, નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય, ગુ.રા., અમદાવાદ તેમજ તેમના હસ્તકની સંયુક્ત/નાયબ/ મદદનીશ નિયામકશ્રીની જિલ્લા કક્ષાની કચેરીઓ મારફતે કરાવવાની રહેશે. જયારે સંબધીત સંયુકત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય ધ્વારા તેમના ઝોનમાં આવતા સંબધિત જિલ્લાઓમાં આ યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યુ કરવાનો રહેશે.

(જ) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરવાની પધ્ધતિઃ

રાજ્યમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય હેઠળનુ તંત્ર તાલુકા કક્ષાએ નહિ હોવાથી, આ યોજના હેઠળના માન્ય રોગથી અવસાન થયેલ અસંગઠીત સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિક વ્યક્તિના કાયદેસરના વારસદાર દ્વારા ગ્રામ શ્રમ આયુકત હસ્તકના મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી, (ખેત) ની તાલુકા કક્ષાની કચેરીએથી આર્થિક સહાય અંગેનુ નિયત અરજી પત્રક (પરિશિષ્ટ-૨ અંગ્રેજીમાં- જે હવે પછી ગુજરાતી કરવામાં આવશે) મેળવીને રોગના નિદાન/ અવસાનની તારીખથી ૩૦ દિવસમાં અરજીપત્રક ભરીને તે અંગેના અન્ય સાધનિક કાગળોની પ્રમાણિત નકલો સહીત બે નકલોમાં ઉકત કચેરીએ જ પહોંચાડવાનુ રહેશે. અરજી સાથે જોડવાના અન્ય પ્રમાણપત્રો/ ભલામણ પત્ર વિગેરે જરુરી તમામ પ્રકારના નમૂના ગ્રામ શ્રમ આયુકતશ્રી અને નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યએ સંયુકતપણે એકબીજાના પરામર્શમાં તૈયાર કરવાના રહેશે.

(ઝ) આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીઓના નિકાલ બાબતઃ

આ યોજના હેઠળ દર્દીના રોગના નિદાન બાદ સંબધીત દર્દી કે જેનું કારખાના ધારા-૧૯૪૮ ના પરિશિષ્ટ-૩ માં જણાવેલા ૨૯ રોગો પૈકી ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " રોગના કારણે અવસાન થયા બાદ, તેમના વારસદારો/કુટુંબી તરફથી નિયત નમૂનામાં અરજી મળ્યા બાદ, મદદનીશ શ્રમ અધિકારીશ્રી (ખેત) ધ્વારા અરજી સાથેના જરુરી કાગળોની પ્રાથમિક ચકાસણી રીને અધુરી અરજીના કિસ્સામાં જરુરી પૂર્તતા દિન-૧૫ માં કરાવવાની રહેશે. જે પૂર્તતા થયા બાદ ચકાસેલ અને સાધનિક કાગળો સાથેની સંપુર્ણ અરજીઓની બંને નકલો જે તે જિલ્લાની સંયુકત નિયામકશ્રી/ નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરીને પહોંચાડવાની રહેશે. સરકારી શ્રમ અધિકારીશ્રી (ખેત) ને મળતી આવી અરજીઓનુ રજીસ્ટર પણ તેઓએ નિભાવવાનું રહેશે.

તાલુકા કક્ષાની ઉકત કચેરીઓ મારફતે જિલ્લાની નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી ખાતે મળતી આવી અરજીઓ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયના ચાર ઝોનના સંયુકત નિયામકશ્રીઓએ આ યોજનાનાં વ્યવસ્થિત અમલીકરણ અંતર્ગત મોનીટરીંગ કરવાનું રહેશે.



Scanned with CamScanner

સંબંધીત જિલ્લાના નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા આવા કેસો જિલ્લા આરોગ્ય અધિકારી/સીવીલ સર્જનને, દર્દીનું જે રોગથી અવસાન થયેલ હોય તે બાબતને પ્રમાણિત કરવા મોકલી આપવાના રહેશે. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી/ સીવીલ સર્જનશ્રીએ સિલિકોસીસથી મૃત્યુ અંગેના કિસ્સામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. અથવા પ્રમાણપત્રની ખરાઇ કરવાની રહેશે. તેમજ પણ મૃતક સ્વામીથી વ્યવસાયિકોના ઉપર (૫) માં ઉલ્લેખાયેલ વ્યક્તિ તરફથી મળતી અરજીઓ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

સંબંધીત જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી/સીવીલ સર્જનશ્રીએ સિલિકોસીસથી મૃત્યુ થયા અંગેનું પ્રમાણિત કર્યા બાદ, આવી અરજીઓની આખરી ચકાસણી કરીને ઉપર (૫) માં ઉલ્લેખાયેલ અરજી કરનાર પૈકીની સંબંધીત વ્યક્તિને મળવાપાત્ર રકમ ચુકવવાની ભલામણ સાથે સંબંધીત જિલ્લાના નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને કેસ પરત મોકલવાનો રહેશે. નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા આ કેસ ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા.ગાંધીનગરને મોકલવાનો રહેશે. જેઓએ ચુકવણી અર્થે સંબધીત કેસ, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે. આવી અરજીઓની ચુકવણીના કિસ્સાઓમાં ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા. તેમજ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરે ચુકવણી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૮) ખર્ચનું સદરઃ

આ યોજનાનો ખર્ચ માગણી ક્રમાંકઃ ૫૭, મુખ્ય સદરઃ ૨૨૩૦- શ્રમ અને રોજગાર, ગૌણ સદરઃ મજૂરોની સામાજિક સુરક્ષા, પેટા સદરઃ LBR-18 ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ કામદારો માટે સામાજિક સુરક્ષા ફંડ. (૨૨૩૦-૦૧-૧૧૧-૦૨) હેઠળ ઉધારવાનું રહેશે. નાણાંકીય વર્ષઃ ૨૦૧૩-૧૪ માટે સદરહું સદર હેઠળ થયેલ રૂ.૧૦,૦૦ લાખની જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે. જ્યારે, તે પછીના પ્રત્યેક નાણાંકિય વર્ષમાં સદરહું સદર હેઠળ અથવા જરૂર જણાયે નવુ સદર/પેટા સદર ખોલીને તે હેઠળ આ અંગેના ફંડની જોગવાઇ ગ્રામ શ્રમ આયુક્તશ્રીએ કરાવવાની રહેશે.

૨. આ ઠરાવથી ઉક્ત નવી યોજના અમલી બનતાં વંચાણે લીધેલ ઠરાવ તારીખઃ ૨૪/૫/૨૦૧૨ હેઠળની યોજના રદ ગણવાની રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંકઃ- એલડબલ્યુએસ-૧૪૨૦૧૩-૪૦૯૬૬-મ.૩ માં નાણાં વિભાગની તા.૩૦/૪/૨૦૧૩ ની નોંધથી મળેલ વહિવટી મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એસ. ભગત)
અધિક સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,

* મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
* માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, ભાલદરવાજા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ૬/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
મહા લેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, (આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ) ૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, (તમા જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ/સીવીલ સર્જનશ્રીઓને આ ઠરા પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
સચિવાલયના સર્વે વિભાગો (આપના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીઓને આ ઠરાવ પરિપત્રિ કરવાની વિનંતી સાથે.)
નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, ૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
વીમા નિયામકશ્રી, ગુ.રા., વીમા અને લેખા ભવના ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ૧૧,૧૨ અને ૧૪, બીજો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સેકશન અધિકારીશ્રી, (ઝ-શાખા), નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, (બજેટ) નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, (બજેટ) શ્રમ અને રોજગાર વિભાગ, ૫/૬, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / વિભાગની સર્વે શાખાઓ.
શાખા સિલેકટ ફાઇલ- ૨૦૧૩
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ- ૨૦૧૩.
* પત્રથી.

Annexure

## THE THIRD SCHEDULE *[See section 89 and 90]*

## *LIST OF NOTIFIABLE DISEASES*

| Sr. No. | Name of Occupational Diseases |
|---|---|
| 1 | Lead poisoning, including poisoning by any preparation or compound of lead or their sequelae. |
| 2 | Lead tetra-ethyl poisoning. |
| 3 | Phosphorus poisoning or its sequelae. |
| 4 | Mercury poisoning or its sequelae. |
| 5 | Manganese poisoning or its sequelae. |
| 6 | Arsenic poisoning or its sequelae. |
| 7 | Poisoning by nitrous fumes. |
| 8 | Carbon disulphide poisoning. |
| 9 | Benzene poisoning, including poisoning by any of its homologues their nitro or amido derivatives or its sequelae. |
| 10 | Chrome ulceration or its sequelae. |
| 11 | Anthrax. |
| 12 | Silicosis. |
| 13 | Poisoning by halogens or halogen derivatives of the hydro carbons of the aliphatic series. |
| 14 | Pathological manifestations due to –<br>(a) Radium or other radio active substances (b) X-rays. |
| 15 | Primary epitheliomatous cancer of the skin. |
| 16 | Toxic anemia. |
| 17 | Toxic jaundice due to poisoning substances. |
| 18 | Oil acne or dermatitis due to mineral oils and compounds containing mineral oil base. |
| 19 | Byssionosis. |
| 20 | Asbestosis. |
| 21 | Occupational or contact dermatitis caused by direct contact with chemicals and paints. These are of two types, that is primary irritants and allergic sensitizers. |
| 22 | Noise induced hearing loss (exposure to high noise levels). |
| 23 | Beryllium poisoning. |
| 24 | Carbon monoxide. |
| 25 | Coal miners pneumoconiosis, |
| 26 | Phosgene poisoning. |
| 27 | Occupational cancer, |
| 28 | Isocyanates poisoning. |
| 29 | Toxic nephritis. |

विना मूल्ये

ગુજરાત સરકાર

## શ્રમ અને રોજગાર વિભાગ

**અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed)નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં આર્થિક સહાય મેળવવા માટેનું અરજીપત્રક**

**ભાગ - (અ) અરજી પત્રક :**

હું નીચે સહી કરનાર અરજદાર જાહેર કરૂ છું કે શ્રી/શ્રીમતી ________________ કે જેઓ અકિકના વ્યવસાયમાં સ્વાશ્રયી/શ્રમયોગી તરીકે રોકાયેલા હતા, તેઓનું તારીખ ________ ના રોજ સિલિકોસીસ રોગ થવાના કારણે ________ ગામ/શહેરમાં (સ્થળનું નામ) મૃત્યુ થયેલ છે. આ સબબ હું સ્વર્ગસ્થના વારસદાર તરીકે "અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં આર્થિક સહાય આપવાની સુરક્ષા યોજના" હેઠળ આર્થિક સહાયની રકમ રૂ. ૧,૦૦,૦૦૦/- માટે અરજી રજુ કરૂ છું.

**(૧) સિલિકોસીસ રોગને કારણે અવસાન પામેલ વ્યક્તિની રજુ કરવાની વિગતો :-**

(એ) મૃતક શ્રમિકનું આખુ નામ ________________

(બી) કાયમી પુરૂ સરનામું ________________

________________

(સી) મૃતક અકિકના વ્યવસાયમાં ક્યારથી આ કામ કરતા હતા ? વર્ષ ________

(ડી) અકિકના વ્યવસાયમાં કઇ રીતે કાર્ય કરતા હતા ? સ્વાશ્રયી/શ્રમયોગી ________

(ઇ) અકિકના વ્યવસાયનું સરનામું ________________

(એફ) સિલિકોસીસ રોગ ક્યારથી હતો ? તારીખ ________

(જી) અવસાન પહેલા જે ડોક્ટર કે સંસ્થા દ્વારા સારવાર આપવામાં આવી હોય તેની વિગત ________________

(એચ) મૃત્યુની તારીખ ________

(આઇ) મૃત્યુ સમયે ઉંમર ________

(જે) મૃત્યુનું સ્થળ,ગામ/શહેર ________________

(કે) સારવાર લીધાનું પ્રમાણપત્ર આપનાર હોસ્પીટલ/દવાખાનાનું નામ અને ડોક્ટરનું નામ અને સરનામું ________________

**(૨) અરજદારની પુરેપુરી વિગત**

(એ) લાભાર્થીનું આખુ નામ ________________

(બી) સરનામું (ફોન નંબર સહિત) ________________

(સી) જાતિ ( S.C / S.T / Baxi / Other ) ________

(ડી) અરજદારનો મૃતકસાથેનો સબંધ ________________

(ઇ) આ અરજી સમયે સરકારમાંથી અન્ય કોઇ સહાય મળેલ નથી કે મેળવવા અરજી કરેલ નથી, તે મતલબનું રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર તા. ________ ના રોજ કરેલ સોગંદનામું અસલમાં આ સાથે રજુ કરેલ છે.

(એફ) આ યોજના હેઠળ મને મંજુર કરેલ રકમ નીચે દર્શાવેલ મારા બેંકના ખાતામાં બારોબાર જમા કરાવી તેની જાણ મને મારા સરનામે કરવા વિનંતી છે.

**(જી) અરજદારની બેંકની વિગત**

- નામ ______________________
- બેંકનું નામ ______________________
- બેંકનું સરનામું(માઇકર)I.F.S.C. નંબર સાથે ______________________
- બચત ખાતા નંબર ______________________

આથી હું ખાતરી આપુ છું કે, મેં ઉપર જણાવેલ વિગતો સાચી અને ખરી છે. સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા માટે ખોટી હકીકતો રજુ કરીને લાભ મેળવવાથી મારી સામે ફોજદારી કેસ થઇ શકે છે. અને આ રકમ પરત ભરપાઇ કરવાની રહે છે, તે હું જાણું છું.

(લાભાર્થી/અરજદાર) ______________________

સહી/અંગુઠાનું નિશાન/નામ

નોંધ :- અંગુઠાનું નિશાન હોય તો તેની ઓળખ આપનાર વ્યકિતનું નામ, સરનામું, ફોન નં. અને સહી ______________________

**લાભાર્થીની ઓળખ આપનાર વ્યકિત (સાક્ષી)**

(૧) નામ ____________ સરનામું: ____________ સહી ____________

(૨) નામ ____________ સરનામું: ____________ સહી ____________

## ભાગ - (બ) મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રીની તપાસની વિગત

કેસ રજી નંબર ____________ વર્ષ ____________ તા.____________

સિલિકોસીસના રોગથી અવસાન થયેલ મૃતકશ્રી ______________________ ઉંમર(વર્ષ)________ તાલુકો:____________ જિલ્લો____________ ના વારસદારશ્રી/શ્રીમતી/ કુ.______________________ મુ.____________ તાલુકો.____________ જિ.____________ એ રજુ કરેલ ઉક્ત દાવા અરજીની વિગતો અંગે મેં પ્રાથમિક ચકાસણી કરી છે અને તેમની અરજીમાં મૃતકના વ્યવસાય અંગે તલાટી કમ મંત્રીશ્રીએ ખરાઇ કરી આપેલ પ્રમાણપત્રના આધારે મૃતક શ્રમિક અધિક વ્યવસાયમાં રોકાયેલ હતા તેમ જણાય છે. આથી મૃતકના વારસદારને આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાય અંગે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

મદદનીશ સરકારી શ્રમ અધિકારી (ખેત) ______________________ ____________

નામ/સહી/હોદ્દાનો સિક્કો તારીખ

______________________

જિલ્લા કચેરી કેસ રજી. નં. ____________ વર્ષ ____________

સરકારી શ્રમ અધિકારી ______________________ ____________

નામ/સહી/હોદ્દાનો સિક્કો તારીખ

જિલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીનો તા. ____________ ના રોજ પત્રક્રમાંક ______________________ થી આ દાવા અરજી મોકલવામાં આવે છે.

ભાગ- (ક) સિલિકોસીસથી મૃત્યુ અંગેના કિસ્સામાં
જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી/સીવીલ સર્જનશ્રીએ
આપવાનું પ્રમાણપત્ર

કેસ રજી. નં. __________ વર્ષ __________ તારીખ __________

મૃતકશ્રી______________________________ મુ.______________ તાલુકો______________ જિલ્લો______________ ને સિલિકોસીસ રોગ થયેલ હોવાના કેસ પેપર/કાર્યવાહી જોતા તથા પી.એમ. રીપોર્ટ જોતા તેઓનું સિલિકોસીસ રોગથી મૃત્યુ થયાનું પ્રમાણિત કરવામાં આવે છે. સરકારશ્રીના ઠરાવ મુજબ મૃતકના વારસદારને મળવાપાત્ર આર્થિક સહાય ચૂકવવાની ભલામણ કરવામાં આવે છે.

સીવીલ સર્જન/જિલ્લા આરોગ્ય અધિકારી ______________________

સહી / સિક્કો

તારીખ :- __________ નામ :- ______________________

સ્થળ :- __________

જિલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને તા. __________ ના રોજ પત્ર ક્રમાંક ______________________ થી આ કેસ પરત મોકલવામાં આવે છે.

ભાગ-(ડ) નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યશ્રીની ભલામણ

કેસ રજી. નં. __________, વર્ષ __________, તારીખ __________

સ્વ.______________________________, ના વારસદાર દ્વારા આ યોજના હેઠળ રજૂ કરેલ અરજીની વિગતો ચકાસેલ છે. અરજીના ભાગ-(બ) થી થયેલ તપાસ તથા ભાગ-(ક) ના પ્રમાણપત્રના આધારે શ્રી______________________________ નું ગંભીર રોગ સિલિકોસીસના કારણે મૃત્યુ થયાનું પ્રમાણિત થયેલ છે. આથી મૃતકના વારસદારશ્રી/શ્રીમતી/કુ.______________________________ રહે.__________ દ્વારા રજૂ થયેલ આર્થિક સહાય અરજી આથી મંજુર કરવા ભલામણ કરવામાં આવે છે. મૃતકના વારસદાર – અરજદારને સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૪/૦૧/૨૦૧૪ના ઠરાવ મુજબ મળવાપાત્ર આર્થિક સહાય રૂ. ૧,૦૦,૦૦૦/- (એક રૂપિયા એક લાખ પુરા) ચુકવવા ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને ભલામણ કરવામાં આવે છે.

સહી

નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય

## પરિશિષ્ટ – ૧ (એડવાન્સ રીસીપ્ટ)

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક બીઓસીડબલ્યુબીમ-૧૪૨૦૧૪/૭૧૫૭૫૧/મ-૩ ના તા.૦૪/૦૧/૨૦૧૪ મુજબની એડવાન્સ રીસીપ્ટ

અમોથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી ____________________ મુ.____________ તાલુકો____________ જિલ્લો ____________ આથી પહોંચ લખી આપુ છુ કે સ્વ. ____________________ રહે. ____________ ના વ્યક્તિના વ્યવસાયમાં રીજીસ્ટર્ડ સ્વાશ્રયી વ્યવસાયિક (Self Employed)નું વ્યવસાય દરમ્યાન ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા અવસાનના કિસ્સામાં વ્યક્તિ સમૂહ પરિની સામાજિક સુરક્ષા યોજના હેઠળ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર તરફથી રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) મને મળેલ છે. આ રકમ આગળ મારી ખરચમાં જણાવેલ બેંક ખાતામાં આખરીવાર જમા કરાવવા વિનંતી કરુ છુ.

રેવન્યુ સ્ટેમ્પ

તારીખ :- ____________

સ્થળ :- ____________

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
ગાંધીનગર
17 SEP 2014
આવક નંબર

**રાજ્યમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed)નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.**

**ગુજરાત સરકાર**
**શ્રમ અને રોજગાર વિભાગ.**
**ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૨/મ-૩.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ ૫/૯/૨૦૧૪.**

<u>વંચાણે લીધાઃ</u>

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૪/૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ-એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૨/મ-૩.
(૨) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુ.રા., અમદાવાદનો તા. ૨૮/૫/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ- ડીઆઇએસએચ/હાઇજીન/૩૪૬/૨૦૧૪.

<u>ઠરાવઃ-</u>

શ્રમ અને રોજગાર વિભાગના તા.૪/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ- એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૨/ મ-૩ થી રાજ્યમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed)નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ આ અંગેનો ઠરાવ બહાર પાડ્યાની તારીખથી કરવાનું ઠરાવેલ છે. પરંતુ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુ.રા., અમદાવાદે તા.૨૮/૫/૧૪ના પત્ર ક્રમાંકઃ- ડીઆઇએસએચ/હાઇજીન/૩૪૬/૨૦૧૪ થી આ યોજનાના અમલ અને પ્રારંભની તારીખમાં સુધારો કરવા રજુઆત કરેલ છે. આ રજુઆત અન્વયે આ યોજનાનો અમલ પ્રાશ્ચાતવર્તી એટલે કે તા. ૧/૧/૨૦૦૬ થી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી, પુખ્ત વિચારણાને અંતે આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ આ અંગેનો ઠરાવ બહાર પાડ્યાની તારીખના બદલે તા. ૧/૧/૨૦૦૬ થી કરવાની મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૮/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ મહેરિયા)
સંયુક્ત સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ,

પ્રતિ,

* મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
* માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.

..૨.

બીજો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
શ્રમ આયુક્તશ્રી, ગુ.રા., બ્લોક નં.૧૧,૧૨ અને ૧૪. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા., બ્લોક નં.૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય (ગુ.રા.), બ્લોક નં.૩-૫ માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, બ્લોક નં. ૬/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
[illegible] ગુજરાત રાજ્ય [illegible]
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
(તમામ જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ/સીવીલ સર્જનશ્રીઓને આ ઠરાવ પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
સચિવાલયના સર્વે વિભાગો. (આપના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
નાણાં સલાહકારશ્રી (શિક્ષણ) નાણાં વિભાગ, ૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
વીમા નિયામકશ્રી, ગુ.રા., વીમા અને લેખા ભવના ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સેકશન અધિકારીશ્રી, બજેટ અને મ.ર શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેકટ ફાઇલ- ૨૦૧૪
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ- ૨૦૧૪.
આઇ. ટી. અધિકારીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, વિભાગની વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ.

[illegible]
ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
બ્લોક નં. ૯, ત્રીજા માળે,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
તા. ૨૪/૯/૧૪

[illegible]

વહીવટી અધિકારી
ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,
ગાંધીનગર.

**રાજયમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed)નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.**

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ.
ઠરાવ ક્રમાંક: એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૯/૩/૨૦૧૫.

__વંચાણે લીધા:-__

(૧) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુ.રા., અમદાવાદનો તા. ૨૮/૫/૨૦૧૪નો પત્ર ક્રમાંક:- ડીઆઇએસએચ/હાઇજીન/૩૪૬/૨૦૧૪ તથા તા.૭/૧૨૦૧૫ની નોંધથી મળેલ સિંગલ ફાઈલ.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના સરખા ક્રમાંકના તા.૪/૧/૨૦૧૪ અને તા.૫/૯/૨૦૧૪નો સુધારા ઠરાવ.

__ઠરાવ:-__

શ્રમ અને રોજગાર વિભાગના તા.૪/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:-એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૨/ ગ-૩ થી રાજ્યમાં અકિકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed)નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના પેરા ક્રમાંક- ૪ માં આર્થિક સહાય મેળવવા માટેની અરજી રોગના નિદાન/અવસાનની તારીખથી ૩૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે, આ જોગવાઈના સમયગાળામાં અરજદારને અરજી કરવી ધાર્મિક કારણોસર વ્યવહારુ જણાતી ન હોઈ, તેમાં સુધારો કરી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ પશ્ચાદતવર્તી અસરથી એટલે કે તા. ૧/૧/૨૦૦૬ થી કરવાનો રહેશે.

આથી, પુખ્ત વિચારણાને અંતે આ યોજનાના પેરા ક્રમાંક- ૪ માં આર્થિક સહાય મેળવવા માટેની અરજી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪/૩/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ મહેરિયા)
સંયુક્ત સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

રવાના કર્યું.
તા. 9 MAR 2015

પ્રતિ,
* મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

…૨.

*માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
શ્રમ આયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં.૧૧,૧૨ અને ૧૪. બીજો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં.૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય,(ગુ.રા.), બ્લોક નં.૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, બ્લોક નં. ૬/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
મહા લેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, (તમામ જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ/સીવીલ સર્જનશ્રીઓને આ ઠરાવ પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
~~સચિવાલયના સર્વે વિભાગો. (આપના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)~~
નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, ૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
વીમા નિયામકશ્રી, ગુ.રા., વીમા અને લેખા ભવના ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સેકશન અધિકારીશ્રી, બજેટ અને મ.ર શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેકટ ફાઇલ- ૨૦૧૫
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ- ૨૦૧૫
આઇ. ટી. અધિકારીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, વિભાગના વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ.

-----

ગુજરાત ગ્રામ ... બોર્ડ
ગાંધીનગર
25 JUN 2015
આવક નંબર : ૪૪-૭૪

વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેમના વારસદારને આર્થિક સહાય આપવા અંગે

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૫/૨૦૧૫

વંચાણે લીધાઃ (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૪/૦૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃએલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃએલડબલ્યુએસ-૧૪-૨૦૧૧-૭૧૫૭૫૧-મ-૩

ઠરાવઃ-

રાજ્યમાં અકીકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયીકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સીલીકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની સુરક્ષા યોજના વંચાણે લીધા ક્રમાંક (૧) તા. ૪/૦૧/૨૦૧૪ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. તેમજ ક્રમાંક (૨) તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવથી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ આ યોજનાનો અમલ અને પ્રારંભની તા.૧/૦૧/૨૦૦૬થી કરવાનું ઠરાવેલ છે.

આ ઠરાવોથી રાજ્યમાં અકીકના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયીકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સીલીકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય પેટે રૂ. ૧.૦૦ લાખ ચૂકવવામાં આવે છે. હાલ આ યોજના માત્ર અકીક ક્ષેત્રના અસંગઠિત/સ્વાશ્રયી શ્રમયોગીઓને જ લાગુ પાડવામાં આવેલ છે. નેશનલ હ્યુમન રાઇટસ કમિશન, નવી દિલ્હીમાં સીલીકોસીસના કારણે અવસાન પામેલ શ્રમયોગીઓના વારસદારોને રાજ્ય સરકાર તરફથી વળતર આપવા અંગેના ઘણા કેસો પડતર છે. નેશનલ હ્યુમન રાઇટસ કમિશન, નવી દિલ્હી ધ્વારા વારંવાર રાજ્ય સરકાર ધ્વારા વળતર આપવાનો મુદ્દો ઉઠાવવામાં આવે છે. રાજ્ય સરકાર પણ ઇચ્છે છે કે, સીલીકોસીસના કારણે અવસાન પામેલ શ્રમયોગીઓના વારસદારોને લાભ મળે.

આ વિભાગના તા.૪/૧/૨૦૧૪ના ઠરાવમાં આ યોજનાનો લાભ કોને મળે તેમાં સુધારો કરી આ યોજનાનો લાભ જે શ્રમયોગીને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એક્ટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ અંતર્ગત કોઇ લાભ મળેલ નથી અને આ શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામેલ છે, તેવા શ્રમયોગીઓનો સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવે તો આ શ્રમયોગીઓને અસંગઠિત શ્રમયોગી તરીકે ગણીને આર્થિક સહાય આપી શકાશે. તેમજ તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવથી રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજીપત્રક ભરીને આપવામાં આવેલ સમયમર્યાદાની જોગવાઇ કરતાં જુના કેસોમાં વધુ સમયમાં પણ અરજી કરી શકાશે તેવો સુધારો કરવાનો થશે, કારણ કે આ શ્રમયોગીઓના અવસાન લગભગ ઘણા વર્ષના સમયગાળા દરમ્યાન થયેલ છે.

Scanned with CamScanner

ઉપર્યુક્ત હકીકતે સીલીકોસીસથી અસરગ્રસ્ત શ્રમયોગીઓને વળતર ચુકવવું અનિવાર્ય બન્યું છે, વળી, આ શ્રમયોગીઓના વારસદારોને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એક્ટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના અંતર્ગત કોઇ લાભ મળેલ નથી ત્યારે વંચાણે લીધા તા.૪/૦૧/૨૦૧૪ અને તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવો માં સુધારો કરવો જરૂરી જણાતા, નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

૧. તા.૪/૦૧/૨૦૧૪ના ઠરાવમાં યોજનાનો લાભ કોને મળે તેમાં નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે.

"આ યોજનાનો લાભ જે શ્રમયોગીને વર્કમેન/એમ્પ્લોઇઝ કોમ્પેનસેશન એક્ટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને જે શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામેલ છે, તેવા શ્રમયોગીઓનો સમાવેશ કરવામાં આવે છે. અને આ શ્રમયોગીઓને અસંગઠિત શ્રમયોગી તરીકે ગણીને તા.૪/૦૧/૨૦૧૪ના ઠરાવ મુજબની આર્થિક સહાય આપવાનું ઠરાવવામાં આવે છે."

૨. તા.૯/૦૩/૨૦૧૫ના ઠરાવમાં રોગના નિદાન/અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાની જોગવાઇ છે. આ સમયમર્યાદા જુના કેસોમાં રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૫/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(માવજીભાઇ મકવાણા)
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,
•મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ /સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
•માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
શ્રમ આયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં. ૧૧,૧૨ અને ૧૪, બીજો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
ગ્રામ શ્રમઆયુકતશ્રી, ગુ.રા., બ્લોક નં.૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય (ગુ.રા), બ્લોક નં. ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
અધ્યક્ષ સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, બ્લોક નં.૬/૩, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
મહા લેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સંકલિત ઠરાવ

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની કલ્યાણકારી યોજનાઓની મંજુરી આપવા અંગે.

<u>વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં સહાય પુરી પાડવાની યોજના</u>

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૩૨૦૧૪/૪૬૩૨૦૯/મ(૩)

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તા. 30 JUL 2015

વંચાણે લીધાઃ-

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧/૦૯/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક :બજટ /૧૩૨૦૧૪/૪૬૩૨૦૯/મ.૩.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૫/૦૯/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક :બજટ /૧૩૨૦૧૪/૪૬૩૨૦૯/મ.૩.

(૩) શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૧/૦૧/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક :બજટ /૧૩૨૦૧૪/૪૬૩૨૦૯/મ.૩.

પ્રસ્તાવનાઃ-

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની કલ્યાણકારી યોજનાઓ પૈકી બાંધકામ શ્રમિકોને થતાં વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં સહાય પુરી પાડવાની બાબતે શ્રમ અને રોજગાર વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) સામેના ઠરાવથી યોજના બહાર પાડવામાં આવેલ છે. જ્યારે વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) સામેના ઠરાવોથી વખતો વખત આ યોજનામાં સુધારા બહાર પાડવામાં આવેલ છે. આમ એક જ વિષયના એકથી વધુ ઠરાવો કરવામાં આવેલ હોઇ, વહીવટમાં સરળીકરણ અર્થે એક જ વિષય પરત્વેના જુદા જુદા ઠરાવો/પરિપત્રોને બદલે તમામ વિગતો આવરી લેતો એક જ ઠરાવ/પરિપત્ર કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. આથી આ યોજનાના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૩) સામેના ઠરાવોની વિગતોને આવરી લેતો એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૯૬ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની રચના કરવામાં આવેલ છે અને કલ્યાણકારી યોજનાઓનો અમલ કરાવવામાં આવે છે. જે અન્વયે જુદી-જુદી યોજનાઓથી બાંધકામ શ્રમિકોને

કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. બાંધકામ શ્રમિકોની કામગીરી જોતાં તેમને અસામાન્ય સંજોગોમાં કામગીરી કરવાની થતી હોવાથી ટી.બી., હૃદય રોગ, સીલીકોસીસ તથા કારખાના ધારાના પરિશિષ્ટ – ૨ માં જે વ્યવસાયિક રોગો દર્શાવેલ છે, તે રોગો થવાની શકયતાઓ ઘણી વધારે રહેલી છે. બાંધકામ શ્રમિકોને આવી ગંભીર પ્રકારની બિમારીના ખર્ચને પહોંચી વળવા તેમનો સમાવેશ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજનામાં કરવામાં આવેલ છે. પરંતુ આ યોજનામાં રૂા ૩૦,૦૦૦/- ની સહાયની જોગવાઇ છે. જે ગંભીર પ્રકારના ટી.બી., હૃદય રોગ, સીલીકોસીસ તથા કારખાના ધારાના પરિશિષ્ટ – ૨ માં જે વ્યવસાયિક રોગો દર્શાવેલ છે, તેવા રોગો માટે અપૂરતી છે. હાલમાં આવા અંદાજે ૨૦૦ શ્રમિક માટે મહતમ રૂા ૩,૦૦,૦૦૦/- ની જોગવાઇ વંચાણે લીધા ઠરાવ ક્રમાંક (૧) સામેના ઠરાવથી કરવામાં આવેલ છે. આ ઠરાવમાં વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવથી યોજનાની શરત નં- ૪ યોજનાનો લાભ મેળવવાની પાત્રતા, શરત નં- ૫ આર્થિક સહાય તેમજ શરત નં-૬ યોજનાના અમલીકરણની કામગીરીમાં સુધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના ઠરાવથી ટી.બી., હૃદય રોગ, સીલીકોસીસ તથા કારખાના ધારાના પરિશિષ્ટ – ૨ માં જે વ્યવસાયિક રોગો દર્શાવેલ છે તે ઉપરાંત અન્ય ૨૩ જેટલી ગંભીર ઇજાઓ/રોગોનો સમાવેશ કરી યોજનાનો વ્યાપ વધારવામાં આવેલ છે.

ઠરાવઃ-

આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ ખાતે નોંધાયેલા બાંધકામ શ્રમિકને અતિગંભીર બિમારીઓની સારવાર વિના મૂલ્યે મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે માટે સમગ્ર રાજયમાં વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં સહાય પુરી પાડવાની યોજનાના ત્રણેય ઠરાવોની વિગતોને આવરી લેતો એક સંકલિત ઠરાવ અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) યોજનાનું નામઃ- બાંધકામ શ્રમિકો માટેની "વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં સહાય પુરી પાડવાની યોજના

(૨) યોજનાનો અમલઃ- આ યોજનાનો અમલ અને પ્રારંભની તા. ૧/૮/૨૦૧૪ રહેશે.

(૩) યોજનાનો હેતુઃ- બાંધકામ શ્રમિકને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી (રોજગારીનું નિયમન અને સેવાની શરતો)નિયમો, ૨૦૦૩ ના નિયમ ૨૬૦(એ) હેઠળના પરિશિષ્ટ – ૨ માં દર્શાવેલ વ્યવસાયિક રોગો અને તેમજ અન્ય વ્યવસાયિક ગંભીર ઇજાઓમાં વિનામૂલ્યે સારવાર આપવાનો છે.

(૪) યોજનાનો લાભ મેળવવાની પાત્રતાઃ- ભારત સરકાર, શ્રમ અને રોજગાર મંત્રાલય અને રાજય સરકાર દ્વારા વખતોવખત નકકી કરેલ બાંધકામ શ્રમિકોની કક્ષામાં આવતા શ્રમયોગીઓ કે જેઓ બાંધકામ શ્રમિક તરીકે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા હોવા જોઇએ, રાજય સરકારશ્રી માન્ય હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર આપવાની રહેશે.

(૫) આર્થિક સહાયઃ- રૂા ૩,૦૦,૦૦૦/- ની મહતમ આર્થિક સહાય મળવાપાત્ર રહેશે. બાંધકામ શ્રમયોગી કે જેઓ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી(રોજગારીનું નિયમન અને સેવાની શરતો) નિયમો, ૨૦૦૩ ના નિયમ – ૨૬૦(એ) હેઠળના પરિશિષ્ટ -૨ માં દર્શાવેલ વ્યવસાયિક રોગથી પીડાતા હોઇ, તેમજ નીચે મુજબ દર્શાવેલ ગંભીર ઇજાઓ થયેલ હોય તેમને નીચે જણાવેલ (અ) અને (બ) મુજબની આર્થિક સહાય મળવાપાત્ર થશે.

(૧) દાઝી જવાથી
(૨) ઉચકવાના સાધનોથી ફ્રેક્ચર
(૩) ઈલેક્ટ્રીસીટીથી દાઝી જવાથી
(૪) આંખમાં ઈજા થવાથી
(૫) ઉંચાઈએથી પડી જવાથી ફ્રેક્ચર થવાથી
(૬) ઝેરી ગેસ લાગવાથી
(૭) એસીડ આલ્કલીથી દાઝી જવાથી
(૮) ટ્રાફીકને કારણે અકસ્માત થવાથી
(૯) સ્ટ્રક્ચર કોલેપ્સ થવાથી
(૧૦) પોર્ટેબલ ઈલેક્ટ્રીક સાધનોથી ઈલેક્ટ્રીક શોક લાગવાથી
(૧૧) માથા ઉપર વસ્તુ પડવાથી માથાને ગંભીર ઈજા થવાથી
(૧૨) સિમેન્ટની થેલીઓ પડવાથી
(૧૩) મશીનરીમાં હાથ આવી જવાથી
(૧૪) પાણીમાં કામ કરતા ડુબી જવાથી
(૧૫)બંધિયાર જગ્યામાં કામ કરવાથી
(૧૬) લપસી પડવાથી
(૧૭) ભેખડ ધસી પડવાથી
(૧૮) ઢળતા છાપરા પર કામ કરવાથી પડી જવાથી
(૧૯) નિસરણી પરથી પડી જવાથી
(૨૦) પાલખ ઉપરથી પડી જવાથી
(૨૧) ધડાકો થવાથી
(૨૨) અર્થ મુવીંગ સાધનોથી થતા અકસ્માત અને
(૨૩) ફ્લોરના ઓપનીંગ માંથી પડી જવાથી.

(અ) સામાન્ય સંજોગોમાં મફત તબીબી સારવાર તેમજ સારવાર દરમિયાન માસિક રૂ. ૧૫૦૦/- ની આર્થિક સહાય.

(બ) ૯૦ ટકા થી ૧૦૦ ટકા સુધીની અશક્તતાના કેસમાં મફત તબીબી સારવાર તેમજ માસિક રૂ.૩૦૦૦/- ની આર્થિક સહાય.

(૬) યોજનાના અમલીકરણની કામગીરીઃ- આ યોજનાના અમલીકરણની કામગીરી સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, તેમજ નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજય દ્વારા કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા ફાળવાયેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) આ યોજના અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનિતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ યોજનાના અમલીકરણના મહેકમ અને વહીવટનો ખર્ચ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૯૬ ની કલમ ૨૪(૩) હેઠળની જોગવાઇ મુજબ આ યોજનાના ખર્ચના ૫ ટકા કરતાં વધે નહીં તેની કાળજી લેવાની રહેશે.

(૧૫) ખર્ચનું સદર:- આ યોજનાનો ખર્ચ અંદાજપત્રના માંગણી ક્રમાંક – ૫૭, મુખ્ય સદર – ૨૨૩૦ – શ્રમ અને રોજગાર, પેટા મુખ્ય સદર – ૦૧ – શ્રમ, ગૌણ સદર – ૧૧૧ – મજુરોની સામાજિક સુરક્ષા, પેટા સદર – ૦૫ – એલબીઆર – ૨૫, ગુજરાત મકાનો અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની પ્રવૃતિઓ સ્કીમ કોડ નં. ૧૧૭૮૯૩ હેઠળ ઉધારવાનો રહેશે અને અંદાજપત્રની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૧૬) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા. ૨૨/૮/૨૦૧૪ તેમજ તા. ૧૫/૯/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મોવજીભાઇ મકવાણા)
સેક્શન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. સર્વે રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૪) શ્રમ આયુકતશ્રી, ગુ.રા., ઉદ્યોગ ભવન, સેકટર – ૧૧, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

(૬) ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા., ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

(૮) અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૯) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) નાણાં સલાહકારશ્રી (શ્રમ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) કમિશનરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર.

(૧૨) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) નાયબ સચિવશ્રી, (બજેટ) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) ટેકનીકલ ઓફીસરશ્રી, (આઇ.ટી.સેલ) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૫) શાખા સિલેકટ ફાઇલ.

(૧૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ..

રાજ્યમાં ખડિયા/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાન કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
ગાંધીનગર
7 SEP 2015
આવક નંબર : ૨૧-૨૩૨.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ 3 AUG 2015

<u>વંચાણે લીધા:</u>

(૧) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૪/૧/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

(૨) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૫/૯/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

(૩) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૯/૩/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

(૪) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૨૯/૫/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

<u>પ્રસ્તાવિક:</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૪) ના ઠરાવોથી રાજ્યમાં પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇન્ડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમ્યાન ઉડતી રજકણો શ્વાસોશ્વાસ મારફતે તેમના ફેફસામાં પ્રવેશતાં સીલીકો ટયુબરક્યુલોસીસ/સિલિકોસીસની બિમારી લાગુ પડતી હોય છે તેમજ જે શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેસન એક્ટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત કોઇ લાભ મળેલ ન હોય અને આવા શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીઓના અવસાનના કિસ્સામાં તેમના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય સરકારે વહીવટમાં સરળીકરણ માટે એક જ વિષયના એક થી વધુ ઠરાવો બહાર પાડવામાં આવેલ હોય તો આવાં જુદા જુદા ઠરાવો/ પરિપત્રોની તમામ બાબતોને આવરી લેતો એક જ ઠરાવ / પરિપત્ર બહાર પાડવાની સૂચનાઓ આપેલ છે. આથી આ યોજનાના ઉપર્યુકત વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૪) ના ઠરાવોની વિગતોને આવરી લેતો એક જ સંકલીત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજ્યમાં પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમ્યાન ઉડતી રજકણો શ્વાસોશ્વાસ મારફતે તેમના ફેફસામાં પ્રવેશતા સીલીકો ટયુબરક્યુલોસીસ/સિલિકોસીસની બિમારી લાગુ પડતી હોય તેવ તેમજ જે શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેસન એક્ટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત કોઇ લાભ મળેલ ન હોય અને આવા શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીઓના અવસાનના કિસ્સામાં તેમના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની નીચે મુજબની સંકલીત યોજના અમલમાં મુકવામાં આવે છે.

D:\Desktop\Walesh\August\Cellcosis 4-8-15 .doc

Scanned with CamScanner

(ક) યોજનાનુ નામ

રાજ્યમાં અકિક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો(Self Employed) તેમજ જે શ્રમયોગીને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેશન એક્ટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને તેવા શ્રમયોગીનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની સુરક્ષા યોજના.

(ખ) આ યોજનાનો અમલ અને પ્રારંભની તારીખ

આ યોજનાનો અમલ અને પ્રારંભની તા. ૧/૧/૨૦૦૬ થી કરવાનો રહેશે.

(ગ) હેતુ

અકિકના જોખમી પ્રકારના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી અસંગઠિત વ્યવસાયિકો ( કે જેઓ ઘરે રહીને સ્વરોજગારી સ્વરુપે કામ કરતા હોય કે કરાર મુજબ વેતન લઈને જોબવર્કથી કામ કરતા અને સિલિકો ટ્યુબરક્યુલોસીસ/સિલિકોસીસ રોગ થવાની સંભાવના હોય તેવા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) (કે <u>જેઓને અન્ય કોઈ શ્રમ કાયદાઓ હેઠળ કોઈ લાભ મળવાપાત્ર થતો નથી</u>) નુ કારખાના ધારા- ૧૯૪૮ ના પરિશિષ્ટ-૩ માં જણાવેલા ૨૯ રોગો પૈકી સામાન્યતઃ લાગુ પડતા ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " રોગથી અવસાન થાય તેમજ જે શ્રમયોગીને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેશન એક્ટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને તેવા શ્રમયોગીનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેનો તેમજ તેઓના કુટુંબને સામાજીક સુરક્ષા પુરી પાડવાનો હેતુ છે.

(ઘ). યોજનાનો લાભ કોને મળે ?

અકિક ક્ષેત્રમાં/ પથ્થર ઉદ્યોગ/ બાંધકામમાં રાજ્યના કોઇપણ સ્થળે કામ કરતા અસંગઠિત/સ્વાશ્રયી (Self Employed) વ્યક્તિઓ કે જે આ ક્ષેત્રમાં ગ્રાઇન્ડીંગ અને પોલીશીંગની કામગીરી ઘરે રહીને સ્વરોજગારી સ્વરુપે કરતા હોય કે કરાર મુજબ વેતન લઈને જોબવર્કથી કરતા હોય તેવા અકિકના જોખમી વ્યવસાયોમાં રોકાયેલા અસંગઠીત પ્રકારના સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિકો ( કે <u>જેઓને અન્ય કોઈ શ્રમ કાયદાઓ હેઠળ કોઈ લાભ મળવાપાત્ર થતો નથી</u>) નું આ સાથેના પરિશિષ્ટ-૧ માં જણાવેલા ૨૯ રોગો પૈકીના ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " ના રોગને કારણે જો અવસાન થાય તો તેમજ જે શ્રમયોગીને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેશન એક્ટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને તેવા શ્રમયોગીનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના કાયદેસરના વારસદારો પૈકી નીચે દર્શાવ્યાનુસારની ક્રમાનુસાર વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | મૃતકના પતિ અથવા પત્ની | : દર્દીની ગેરહયાતિમાં |
| (બ) | મૃતકના બાળકો | : દર્દીની ગેરહયાતિમાં |
| (બ) | મૃતકના માતા અને / અથવા પિતા | : ઉકત (અ) અને (બ) ની ગેરહયાતિમાં |
| (ક) | મૃતકના પૌત્ર | ઉકત (અ), (બ), (ક) ની ગેરહયાતિમાં |
| (ડ) | મૃતકના અપરિણિત અથવા વિધવા અથવા ત્યકતા બહેન | : ઉકત (અ), (બ), (ક) અને (ડ) ની ગેરહયાતિમાં |
| (ઈ) | ઉપરોકત કિસ્સાઓ સિવાયના કેસોમાં ઇન્ડિયન સકસેશન એક્ટ હેઠળ જાહેર થયેલ વારસદાર. | |

(ધ). આર્થિક સહાય:

આ યોજના હેઠળ રૂ.૧,૦૦,૦૦૦/- આર્થિક સહાય આપવામાં આવશે.

(છ) યોજનાના અમલીકરણની કામગીરી

આ યોજનાના અમલીકરણની કામગીરી ગ્રામ શ્રમ આયુક્ત, ગાંધીનગર તેમજ તેમના હસ્તકની જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓ અને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ ઉપરાંત, નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય, ગુ.રા., અમદાવાદ તેમજ તેમના હસ્તકની નાયબ નિયામકશ્રીની જિલ્લા કક્ષાની કચેરીઓ મારફતે કરાવવાની રહેશે. જ્યારે સંબંધીત સંયુક્ત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય દ્વારા તેમનાં ઝોનમાં આવતા સંબંધિત જિલ્લાઓમાં આ યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યુ કરવાનો રહેશે.

(જ). આં યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરવાની પધ્ધતિ

રાજ્યમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય હેઠળનુ તંત્ર તાલુકા કક્ષાએ નહિ હોવાથી, આ યોજના હેઠળના માન્ય રોગથી અવસાન થયેલ અસંગઠીત સ્વાશ્રયી (Self Employed) વ્યવસાયિક તેમજ જે શ્રમયોગીને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેશન એક્ટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજનાઓ મુજબ કોઇ લાભ મળેલ નથી અને તેવા શ્રમયોગીનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં વ્યક્તિના કાયદેસરના વારસદાર દ્વારા ગ્રામ શ્રમ આયુક્ત હસ્તકના મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી (ખેત) ની તાલુકા કક્ષાની કચેરીએથી આર્થિક સહાય અંગેનુ નિયત અરજી પત્રક મેળવીને રોગના નિદાન/ અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજીપત્રક ભરીને તે અંગેના અન્ય સાધનિક કાગળોની પ્રમાણિત નકલો સહીત બે નકલોમાં ઉક્ત કચેરીએ જ પહોચાડવાનુ રહેશે. આ સમયમર્યાદા જુના કેસોમાં લાગુ પડશે નહી. અરજી સાથે જોડવાના અન્ય પ્રમાણપત્રો/ ભલામણ પત્ર વિગેરે જરૂરી તમામ પ્રકારના નમૂના ગ્રામ શ્રમ આયુક્તશ્રી અને નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યએ સંયુક્તપણે એકબીજાના પરામર્શમાં તૈયાર કરવાના રહેશે.

(ઝ) આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીઓના નિકાલ બાબત:

આ યોજના હેઠળ દર્દીના રોગના નિદાન બાદ સંબંધીત દર્દી કે જેનું કારખાના ધારા-૧૯૪૮ ના પરિશિષ્ટ-૩ માં જણાવેલા ૨૯ રોગો પૈકી ક્રમ-૧૨ ઉપર દર્શાવેલ " સિલિકોસીસ " રોગના કારણે અવસાન થયા બાદ, તેમના વારસદારો/કુટુંબી તરફથી નિયત નમૂનામાં અરજી મળ્યા બાદ, મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી (ખેત) દ્વારા અરજી સાથેના જરૂરી કાગળોની પ્રાથમિક ચકાસણી કરીને અધુરી અરજીના કિસ્સામાં જરૂરી પૂર્તતા દિન-૧૫ માં કરાવવાની રહેશે. જે પૂર્તતા થયા બાદ ચકાસેલ અને સાધનિક કાગળો સાથેની સંપુર્ણ અરજીઓની બંને નકલો જે તે જિલ્લાની સંયુક્ત નિયામકશ્રી/ નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને પહોંચાડવાની રહેશે. મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી (ખેત) ને મળતી આવી અરજીઓનુ રજીસ્ટર પણ તેઓએ નિભાવવાનું રહેશે.

તાલુકા કક્ષાની ઉક્ત કચેરીઓ મારફતે જિલ્લાની નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ખાતે મળતી આવી અરજીઓ અંગેનુ રજીસ્ટર નિભાવવાનું રહેશે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના ચાર ઝોનના સંયુક્ત નિયામકશ્રીઓએ આ યોજનાના વ્યવસ્થિત અમલીકરણ અંતર્ગત મોનીટરીંગ કરવાનુ રહેશે.

સંબધીત જિલ્લાના નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા આવા કેસ જિલ્લા આરોગ્ય અધિકારી/સીવીલ સર્જનને, ,દર્દીનું સિલિકોસીસ રોગથી અવસાન થયેલ હોય તે બાબતને પ્રમાણિત કરવા મોકલી આપવાના રહેશે. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી/ સીવીલ સર્જનશ્રીએ સિલિકોસીસથી મૃત્યુ અંગેના કિસ્સામાં પ્રમાણપત્ર આપવાનુ રહેશે. અથવા પ્રમાણપત્રની ખરાઇ કરવાની



Scanned with CamScanner

ઉપર (ધ) માં ઉલ્લેખાયેલ વ્યક્તિ તરફથી મળેલ રકમ તેમજ પણ મૃતક ખોવાયા વ્યવસાયકાના અરજીઓ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

સંબંધીત જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી/સીવીલ સર્જનશ્રીએ ડિલિકારીશાથી મૃત્યુ થયા અંગેનું પ્રમાણિત કર્યા બાદ, આવી અરજીઓની આખરી ચકાસણી કરીને ઉપર (ધ) માં ઉલ્લેખાયેલ અરજી કરનાર પૈકીની સંબંધીત વ્યક્તિને મળવાપાત્ર રકમ ચુકવવાની ભલામણ સાથે સંબંધીત જિલ્લાના નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને કેસ પરત મોકલવાનો રહેશે. નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા આ કેસ ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા.ગાંધીનગરને મોકલવાનો રહેશે. જેઓએ ચુકવણી અંગે સંબંધીત કેસ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે. આવી અરજીઓની ચુકવણીના કિસ્સાઓમાં ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા. તેમજ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરે ચુકવણી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(ઇ) ખર્ચનું સદરઃ

આ યોજનાનો ખર્ચ માગણી ક્રમાંકઃ ૫૭, મુખ્ય સદરઃ ૨૨૩૦- શ્રમ અને રોજગાર, ગૌણ સદરઃ મજૂરોની સામાજિક સુરક્ષા, પેટા સદરઃ LBR-18 ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ કામદારો માટે સામાજિક સુરક્ષા ફંડ. (૨૨૩૦-૦૧-૧૧૧-૦૨) હેઠળ ઉધારવાનું રહેશે.

૨. આ ઠરાવથી ઉકત નવી યોજના અમલી બનતાં તા.૨૪/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩ હેઠળની યોજના રદ ગણવાની રહેશે.

૩. આ વિભાગની ફાઇલ ક્રમાંકઃ એલડબલ્યુએસ-૧૪૨૦૧૩/૪૦૯૬૬/મ-૩ પર નાણાં વિભાગની તા.૩૦/૪/૨૦૧૩ તેમજ સમાનોકી ફાઇલ પરની તા.૪/૩/૨૦૧૫ અને તા.૨૨/૫/૨૦૧૫ ની નોંધથી જે તે સમયે મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ હતા. જેને સંકલિત કરીને આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મગનભાઇ મકવાણા)
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ.

બિડાણ (કારખાના ધારા, ૧૯૪૮ નું પરિશિષ્ટ – ૩)

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
- શ્રમ આયુકતશ્રી, ગુ.રા., ઉદ્યોગભવન, ગાંધીનગર.
- ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ. ૬/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ, ૪, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.

D:\Desktop\Mahesh\August\Cellcosts 4-8-15.doc

૧૮

- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ) ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (તમામ જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ/સીવીલ સર્જનશ્રીઓને પ્રસિધ્ધ કરવાની વિનંતી સાથે)
- નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, ૫/૭, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ.
- સચિવાલયના સર્વ વિભાગો.
- સર્વ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- વિભાગના સર્વ અધિકારીશ્રીઓ / વિભાગની સર્વ શાખાઓ.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક: [illegible]/૨૦૧૫/૩૨૪૩ થી ૩૨૪૬
ગુજરાત આઘ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
બ્લોક નં. ૬, ત્રીજા માળે,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
તા. - 8 SEP 2015

[illegible]

[illegible]

સહી/-
કારોબારી અધિકારી
ગુજરાત આઘ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
ગાંધીનગર.

રાજ્યમાં અકિકઓપ્ધામના વ્યવસાયમાં રોકાયેલ સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) ને વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સરળ યોજના..... 21

અરજીઓ પ્રમાણિત કરવા અંગેનો સુધારો.

ગુજરાત મકાન બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ
ગાંધીનગર
-8 FEB 2016
જાવક નંબર :

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

ઠરાવ ક્રમાંક: એલડબ્લ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૦/૦૧/૨૦૧૬

<u>વંચાણે લીધા:-</u>

(૧) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૧૩/૮/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: એલડબ્લ્યુએસ-૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩.

(૨) નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય નો તા. ૨૧/૧૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંક: ડીસ/ઇ.સે.હે/હાઇજીન/૨૮૩/૨૦૧૫

<u>પ્રાસ્તાવિક:</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ઠરાવથી રાજ્યમાં પથ્થરના ટુકડાઓ ઉપર ગ્રાઇડીંગ અને પોલીશીંગની કામગીરી કરતા અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમ્યાન ઉડતી રજકણો શ્વાસોશ્વાસ મારફતે તેમના ફેફસામાં પ્રવેશતાં સીલીકો ટયુબરકયુલોસીસ/સિલિકોસીસની બિમારી લાગુ પડતી હોય છે તેમજ જે શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કોમ્પેન્સેસન એકટ, કામદાર રાજ્ય વિમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત કોઇ લાભ મળેલ ન હોય અને આવા શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીઓના અવસાનના કિસ્સામાં તેમના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ ઠરાવના પારા (ઝ) માં આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીના નિકાલની બાબતમાં આ અરજી જિલ્લા આરોગ્ય અધિકારી / સિવિલ સર્જન દ્વારા પ્રમાણિત કરવાની રહેતી હોવાનું ઠરાવેલ છે. પરંતુ આ અરજીઓ તે અધિકારીઓને પ્રમાણિત કરવા મોકલવા અંગેની કાર્યવાહીમાં ઘણો વિલંબ થાય છે. જેના કારણે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા સીલીકોસીસ રોગથી પીડાતા તેમજ મૃત્યુ પામેલા અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકોને આર્થિક સહાય આપવાના કેસોમાં જવાબ કરવામાં ઘણી મુશ્કેલી ઉભી થાય છે. આથી આવી અરજીઓમાં વિલંબ ટાળવાના હેતુથી તેમજ જવાબ કરવામાં થતી મુશ્કેલીઓ નિવારવાના હેતુથી નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્યે વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના પત્રથી આવી અરજી જિલ્લા આરોગ્ય અધિકારી/ સિવિલ સર્જન દ્વારા પ્રમાણિત કરાવવાના બદલે કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ ૮૯ હેઠળના સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા પ્રમાણિત કરાવવા અંગેનો સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.



Scanned with CamScanner

<u>ઠરાવ:-</u>

કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ ૮૯ (૩) હેઠળના પરિશિષ્ટ (૩)માં આપેલ કોઇપણ વ્યવસાયિક રોગને નોટીફાઇડ કરવાની સત્તા ઓ સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને છે. આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે શ્રમયોગીઓ સીલીકોસીસના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીઓના અવસાનના કિસ્સામાં તેમના વારસદારોને આર્થિક સહાય આપવા અંગેની અરજીઓ પ્રમાણિત કરાવવા સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને મોકલી આપવાની રહેશે. સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યએ સિલિકોસીસથી મૃત્યુ અંગેના કિસ્સામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરવાની રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(માવજીભાઇ મકવાણા)
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ,

---

ક્રમાંક:ગ્રશ્રક/બોર્ડ/સીલી/૨૦૧૬/૫૬૭૭-૬૦૦
ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી
બ્લોક નં.૬/૩જામાળે, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. તારીખ:- ૦૬/૦૨/૨૧૬

<u>નકલ સવિનય રવાના:-</u>

પ્રતિ,

સરકારી શ્રમ અધિકારીશ્રી (ખેત વ્યવસાય) તમામ.... તરફ જાણ તથા અમલ થવા સારૂ.. તથા આપના જિલ્લાના તાબાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી, તથા આપના જિલ્લાના જિલ્લા સંચાલક/કેન્દ્ર સંચાલકોને જાણ કરવા તથા ઠરાવ મુજબની કાર્યવાહી કરવા સારૂ.....

વહીવટી અધિકારી,
ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,
ગાંધીનગર.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીના
હુકમ અન્વયે સીલીકોસીસ રોગના કારણે અવસાન
પામેલા ૪૪૩ શ્રમિકોને વળતર ચુકવવા અંગે.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એનએચઆર/૧૪૨૦૧૮/૨૫૨૭૨૯/મ(૩)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧/૦૫/૨૦૧૮

__વંચાણે લીધાઃ-__

(૧) રીટ પીટીશન(સી) નં. ૧૧૦/૨૦૦૬ માં નામ. સુપ્રિમ કોર્ટનો તા. ૪/૫/૨૦૧૬ નો હુકમ.

(૨) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૧૯/૪/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ એનએચઆર/૧૦૨૦૧૭/૧૭/મા.અ.

(૩) નેશનલ હ્યુમન રાઇટસ કમિશન, નવી દિલ્હીના કેસ નં. ૩૦૦/૬/૨૫/૦૭-૦૮/એફસી તા. ૦૧/૦૨/૧૭, કેસ નં. ૩૫૧/૬/૩/૨૦૧૦ તા.૧૬/૪/૧૮, કેસ નં. ૩૩૪/૬/૯/૨૦૧૦ તા. ૨૧/૩/૧૮, કેસ નં. ૨૧૨/૬/૯/૨૦૧૦ તા.૨૧/૩/૧૮, કેસ નં. ૧૦૧૨/૬/૯/૨૦૧૧ તા. ૧૬/૪/૧૮ના હુકમો.

(૪) નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજય, અમદાવાદની તા.૨૭/૦૪/૨૦૧૮ ની સીંગલ ફાઇલ પરની નોંધ.

__ઠરાવઃ-__

ખેડૂત મઝદૂર ચેતના, સંગઠન, અલીરાજપુર, જાંબુઆ, ધાર-મધ્યપ્રદેશે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીને તે વિસ્તારના આદિવાસી શ્રમિકો કે જેઓ વડોદરા, ખેડા અને પંચમહાલ જિલ્લાના સ્ટોન ક્રસીંગ કારખાનાઓમાં કામ કરતાં હતા અને તેઓ સીલીકોસીસ, સીલીકો-ટ્યુબરકોલોસીસ રોગથી પીડાતા હતા અને તેમને કારખાનાના માલિકો તરફથી કોઇપણ જાતનું રક્ષણ મળેલ ન હતું, તેવા શ્રમિકો કે જેઓ સીલીકોસીસ રોગનો ભોગ બનતા, પોતાના વતનમાં પાછા ફરેલ હતા અને અવસાન પામેલ હતાં તેમને વળતર ચુકવવા માટે દાદ માંગેલ હતી. જેના સંદર્ભમાં રીટ પીટીશન (સી) નં. ૧૧૦/૨૦૦૬ પીપલ્સ રાઇટસ એન્ડ સોસીયલ રિસર્ચ સેન્ટર અને અન્ય વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્યો સાથે સંલગ્ન રીતે નામ. સુપ્રિમ કોર્ટમાં ચાલતો હતો. નામ. સુપ્રિમ કોર્ટે વંચાણે લીધા ક્રમાંકઃ (૧) સામેના તા. ૪/૫/૨૦૧૬ ના ઓર્ડરથી આ શ્રમિકોના વારસદારોને રૂા ૩/- લાખનું વળતર ચુકવવા ગુજરાત સરકારને આદેશો કરેલ હતા. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે અન્ય છ કેસોમાં પણ સીલીકોસીસ રોગનો ભોગ બનેલા અને પોતાના વતન પાછા ફરેલ અને અવસાન પામેલ શ્રમિકોના નજીકના વારસદારોને રૂા ૩/- લાખ કે રૂા ૪/- લાખ વળતર તરીકે ચુકવવા આદેશો આપેલા હતા, પરંતુ આ વળતરની ચુકવણી રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ ન હતી. આથી

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે આ કેસો તેમજ રાજય સરકાર સામેના અન્ય કેસોમાં હુકમના અમલીકરણ માટેની કાર્યવાહી ત્વરીત થાય તે માટે ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ, જિ. ગાંધીનગર ખાતે તા. ૨૬-૨૭/૪/૨૦૧૮ ના રોજ બે દિવસનો કેમ્પ રાખી સીલીકોસીસના કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના જુદા જુદા છ કેસોમાં રૂ. ૩/- લાખ કે રૂ. ૪/- લાખ વળતર તરીકે ચૂકવવા અંગેની સુનાવણી કરેલ હતી. આ સુનાવણી દરમિયાન સીલીકોસીસના કારણે મૃત્યુ પામેલ શ્રમિકોના નજીકના વારસદારોને વળતરની ચુકવણી કરવા ખૂબ જ આગ્રહ રાખેલ હતો અને વળતર ચુકવ્યા અંગેનો પૂર્તતા અહેવાલ બે માસમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને મોકલી આપવા જણાવેલ હતું.

સુનાવણી હેઠળના નીચે જણાવેલા છ કેસો પૈકી પાંચ કેસોમાં સીલીકોસીસ રોગથી અવસાન પામેલ શ્રમિકના નજીકના વારસદારને અનુક્રમે રૂા ૩/- લાખ કે રૂા ૪/- લાખ વળતર તરીકે ચુકવવા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પષ્ટ હુકમો છે, જ્યારે છઠ્ઠા કેસમાં કેટલી રકમ ચુકવવી તે અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના કોઇ હુકમો થયેલ નથી.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | કેસ નં. | મૃતક વ્યક્તિની સંખ્યા | વળતરની વ્યક્તિદીઠ રકમ | કુલ વળતરની રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૩૦૦/૬/૨૫/૦૭-૦૮/LF | ૩૫૧ | ૩.૦૦ | ૧૦૫૩.૦૦ |
| ૨. | ૩૫૧/૬/૩/૨૦૧૦ | ૬૧ | ૩.૦૦ | ૧૮૩.૦૦ |
| ૩. | ૩૩૪/૬/૯/૨૦૧૦ | ૨૧ | ૪.૦૦ | ૮૪.૦૦ |
| ૪. | ૨૧૨/૬/૯/૨૦૧૦ | ૦૫ | ૪.૦૦ | ૨૦.૦૦ |
| ૫. | ૧૦૧૨/૬/૯/૨૦૧૧ | ૦૫ | ૪.૦૦ | ૨૦.૦૦ |
| ૬. | ૨૬૦/૬/૧૮/૨૦૧૧ | ૧૫ | હુકમ થયેલ નથી. | હુકમ થયેલ નથી. |
| | કુલ:- | ૪૫૮ | - | ૧૩૬૦.૦૦ |

આથી રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના હુકમો અનુસાર પાંચ કેસોના ૪૪૩ અવસાન પામેલ પ્રત્યેક શ્રમિકના નજીકના વારસદારને રૂા ૩/- લાખ કે રૂા ૪/- લાખ લેખે કુલ રૂા ૧૩૬૦/- લાખ વળતર તરીકે ચુકવવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે સીલીકોસીસ રોગથી અવસાન પામેલ ૪૪૩ શ્રમિકોના વારસદારોને રૂા ૧૩૬૦/- લાખની રકમ વળતર તરીકે ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ રકમ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના હુકમો અનુસારની ચુકવણી કરવા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજય, અમદાવાદના હવાલે મુકવામાં આવે છે. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યે આ રકમ જે તે જિલ્લાના અવસાન પામેલ શ્રમિકોના વારસદારો જે જિલ્લામાં નિવાસ કરતાં હોય તે જિલ્લાના કલેકટરોને હવાલે મુકવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક -૫૭, મુખ્ય સદર – ૨૨૩૦, શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર – ૦૧ (શ્રમ), ગૌણ સદર – ૧૦૨- કામકાજની સ્થિતિ અને સલામતી, પેટા

સદર - (૦૧) એલબીઆર-૧૦ અકસ્માતો અટકાવવા માટે સલામતી સ્કીમ હેઠળ રાજ્યમાં સીલીકોસીસ થઇ શકે તેવા કારખાનાઓમાં શ્રમયોગીઓની તબીબી તપાસ/ રિપોર્ટની કામગીરી હેઠળ ઉધારવાનો રહેશે (મહેસુલી/મતપાત્ર).

આ રકમ આકસ્મિકનિધિમાંથી મેળવેલ હોઇ, આ રકમનો સમાવેશ સને ૨૦૧૮-૧૯ ના સુધારેલ અંદાજમાં કરવાનો રહેશે. તેમજ વિભાગની કુલ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં આ રકમનો સમાવેશ કરવાનો રહેશે.

આ સમગ્ર રકમનો ખર્ચ આકસ્મિકનિધિમાં મુખ્ય સદર - "૮૦૦૦" હેઠળ જ ઉધારાય તેની ચોકસાઇ રાખવાની રહેશે. તથા નાણા વિભાગના તા. ૨૪/૧/૧૯૮૦ ના પરિપત્ર ક્રમાંકઃ હસવ/૧૦૮૦/૨૧૬/૪ ની સૂચનાઓ અનુસાર મંજૂર કરવામાં આવેલ પેશગીમાંથી ખર્ચ મેળવવાનો હોઇ, ઉપાડના દરેક બીલ / વાઉચરો ઉપર સ્પષ્ટ રીતે લાલ શાહીથી "આકસ્મિક ખર્ચ નિધિ" મુજબના શબ્દો લખવાના રહેશે.

નાણા વિભાગના તા. ૨૩/૫/૧૯૯૫ ના પરિપત્ર મુજબ આકસ્મિકનિધિમાંથી પેશગી મંજૂર થયાના ૨(બે) માસમાં તેનો ખર્ચ કરવાનો રહેશે અને તે પરત્વે જો કોઇ ખર્ચ ન થાય અથવા તો ખર્ચ ઓછો થાય તો આ પેશગીની મંજૂરી રદ કરવા અથવા તેની રકમમાં ઘટાડો કરવાની દરખાસ્ત સત્વરે કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૦/૫/૨૦૧૮ અને તા.૩૦/૫/૨૦૧૮ ની નોંધોથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. એમ. વસાવા)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ.

Issued
Date 31 MAY 2018
Sign :..........

૩૧/૦૫/૧૮

પ્રતિ,

- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- ઉપ સચિવશ્રી (ક-શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય, મધ્યપ્રદેશ સરકાર, ન્યુ મોતી બંગલો, ઇન્દોર - ૪૫૨ ૦૦૧.
- સંયુક્ત નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય, કુબેરભવન, વડોદરા.
- નાયબ નિયામકશ્રી, ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્ય, સેવા સદન, ગોધરા, જિ. પંચમહાલ.

- નાયબ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, નડિયાદ, જિ. ખેડા.
- પ્રાદેશિક નિયામકશ્રી, કામદાર રાજ્ય વિમા નિગમ, પંચદીપ ભવન, ઇન્કમ ટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ.
- કલેક્ટરશ્રી, ગોધરા, જિ. પંચમહાલ.
- ~~કલેક્ટરશ્રી, ખેડા, જિ. નડિયાદ.~~
- કલેક્ટરશ્રી, અલીરાજપુર/ઝાબુઆ/ધાર – મધ્યપ્રદેશ.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.

રાજ્યમાં અકીક/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાયની રકમમાં વધારો કરવા માટે રૂ.૦.૭૫ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક :LED/BJT/e-file/11/2023/2198/M(2)
સચિવાલય, ગાંધીનગર
તા.1 1 MAR 2024

**વંચાણે લીધા:-**

(૧) શ્રમ, અને રોજગાર વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:એલડબલ્યુએસ/ ૧૪૨૦૧૧/ ૭૧૫૭૫૧/મ(૩)
(૨) શ્રમ, અને રોજગાર વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:એલડબલ્યુએસ/૧૪૨૦૧૧/ ૭૧૫૭૫૧/મ(૩)
(૩) નાયબ શ્રમ આયુકતશ્રી,ગાંધીનગરના તા.૧૮/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃશ્ર.આ.૪/બજટ/નવી બાબત/૨૦૨૩/૭૭૨
(૪) નાયબ શ્રમ આયુકતશ્રી,ગાંધીનગરના તા.૧૬/૦૨/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃશ્ર.આ.૪/બજટ/નવી બાબત/૨૦૨૩/૨૧૮

**પ્રસ્તાવના:-**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) અને (૨) થી રાજ્યમાં અકીક/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૧.૦૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. આવા મૃતક શ્રમયોગીઓના વારસદારને કુટુંબ નિર્વાહ બાબતે આર્થિક મુશ્કેલી દૂર કરવા અને N H R C સમક્ષ દાખલ થતાં કેસો ટાળવા, સદર યોજના હેઠળ શ્રમિકોના હિતમાં સામાજિક સુરક્ષાના ભાગરૂપે આર્થિક સહાયની રકમમાં વધારો કરવા અને સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણ હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સદર યોજના હેઠળ પાત્રતા ધરાવતા શ્રમયોગીઓનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૪.૦૦ લાખની સહાય આપવાનું ઠરાવવામાં આવે છે. અને સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે. સર્ટીફાઇંગ સર્જન, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યએ સદર યોજના હેઠળ સિલિકોસીસથી મૃત્યુ અંગેના કિસ્સામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. અથવા પ્રમાણપત્રની ખરાઈ કરવાની રહેશે. શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગર દ્વારા સદર યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યૂ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૫૭. મુખ્ય સદર ૨૨૩૦ – શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર – ૦૧ શ્રમ, ગૌણ સદર ૧૧૧ મજુરોની સામાજીક સુરક્ષા, પેટા સદર (૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ – અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ. ૦.૭૫ કરોડની જોગવાઇથી અનુભાગ– ૧ હેઠળ ઉધારવાનો રહેશે.

- **અન્ય શરતો:–**

a . આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ રાખવાની રહેશે.

b . પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

c . ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

d . આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

e . C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

f . યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

g . Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

h . યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

i . પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

j . આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

k . પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

l . આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

m . આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

n . આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

o . યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

p . સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧ . પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૪ પછી કરવાનો રહેશે.

૨ . આ ગ્રાંન્ટ શ્રમ આયુકતશ્રીની કચેરી મારફતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના હવાલે મૂકવાની રહેશે.

આ યોજના અંગેના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સક્ષમ અધિકારીશ્રીની તા.૨૯/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંશુલ અગ્રવાલ)
સેક્શન અધિકારી
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) શ્રમ આયુકતશ્રી, શ્રમ આયુકતશ્રીની કચેરી,ગુ.રા. ઉદ્યોગ ભવન,સેકટર-૧૧, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

(૬) સભ્ય સચિવશ્રી,ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.

(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) નાંણા સલાહકારશ્રી, શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) આઇ.ટી.સેલ., શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.

(૧૫) શાખા સિલેકટ ફાઇલ.

રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો **(Self Employed)** નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત સરકાર

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

ઠરાવ ક્રમાંક: **LED/LAD/e-file/11/2024/0609/M3**

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા:</u>**

1. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૦૪/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
2. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૦૫/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
3. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૦૯/૦૩/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
4. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
5. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
6. શ્રમ અને રોજગાર વિભાગનો તા.૨૦/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ/૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-૩
7. શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૧૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: એલઇડી/બીજેટી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૩/૨૧૯૮/ મ(૨)
8. માન. ગુજરાત હાઇકોર્ટનો SCA No.4147 of 2024 અન્વયે તા.૦૧/૦૮/૨૦૨૫નો ઓરલ ઓર્ડર
9. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનો તા.૧૯/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ગશ્રક/બોર્ડ/કોર્ટ મેટર/૨૦૨૫/૧૬૭૯

**<u>આમુખ:</u>**

રાજયમાં અકિક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોચ્છ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. આવા શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કમ્પેન્સેશન એકટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થતો ન હોઇ અને તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી (૭) મુજબ રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોના અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૪.૦૦ લાખની આર્થિક સહાય આપવા અંગેની નીતિ નિયત કરવામાં આવેલ છે.

આ યોજનામાં વંચાણે લીધા (૩) થી સિલિકોસીસથી અવસાનની તારીખથી ૯૦ દિવસમાં અરજી પત્રક ભરીને આપવાની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૮) થી ૯૦ દિવસની સમયમર્યાદા બાબતે વિચારણા કરવા સૂચવેલ છે. જેના અનુસંધાને વંચાણે લીધા (૯) થી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સમયમર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આથી, પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાન થાય તે કિસ્સામાં સિલિકોસીસના દર્દીના મૃત્યુ બાદ તેઓના વારસદારો અવસાનની તારીખથી ૨ (બે) વર્ષ સુધીમાં અરજી કરી શકશે તેમ ઠરાવવામાં આવે છે. વધુમાં, આ બે વર્ષના સમયગાળા બાદ અરજી મળે તો તેની નિયમોનુસારની ચકાસણી કરી સમયગાળા સિવાયની તમામ જોગવાઇઓ પરિપૂર્ણ થયેથી અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને જરૂરી અભિપ્રાય સહિત મોકલી આપવાની રહેશે તથા વિલંબના કારણોને ધ્યાને લઈને આવેલ અરજી પર ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવશ્રીએ ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે, તેમ આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત જોગવાઇ માન. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની પીટીશન SCA No. 4137/2024 ના હાલના પીટીશનરોની બાબતને અપવાદ ગણી તા.૦૧/૦૪/૨૦૨૫થી અમલી ગણવાની રહેશે.

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી (૭) ની અન્ય તમામ શરતો અને જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઋચિર અમીન

સેકશન અધિકારી

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

રાજયમાં અકીક / પથ્થર / બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧૨/૨૦૨૫

વંચાણે લીધાઃ

1. અત્રેનો તા.૦૪/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
2. અત્રેનો તા.૦૫/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
3. અત્રેનો તા.૦૯/03/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
4. અત્રેનો તા.૨૯/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
5. અત્રેનો તા.૧૩/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
6. અત્રેનો તા.૨૦/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ/૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
7. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ એલઇડી/બીજેટી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨3/૨૧૯૮/મ(૨)
8. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
9. માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર
10. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનો તા.૦૬/૧૨/૦૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ ગશ્રક/બોર્ડ/સિલિકો/પીડિત – ઠરાવ સુધારા હુકમ/૨૦૨૫/૨૬૬3

આમુખ:

રાજયમાં અકિક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોચ્છ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. આવા શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કમ્પેન્સેશન એકટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થતો ન હોઇ અને તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં

આવેલ છે. ઉકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી (૭) મુજબ રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોના અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૪.૦૦ લાખની આર્થિક સહાય આપવા અંગેની નીતિ નિયત કરવામાં આવેલ છે.

આ યોજનામાં વંચાણે લીધા (૮) થી સિલિકોસીસથી અવસાનની તારીખથી ૦૨ વર્ષમાં અરજી પત્રક ભરીને આપવાની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ. વધુમાં, આ ૦૨ વર્ષના સમયગાળા બાદ અરજી મળે તો તેની નિયમોનુસારની ચકાસણી કરી સમયગાળા સિવાયની તમામ જોગવાઈઓ પરિપૂર્ણ થયેથી અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને જરૂરી અભિપ્રાય સહિત મોકલી આપવાની રહેશે તથા વિલંબના કારણોને ધ્યાને લઈને આવેલ અરજી પર ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવશ્રીએ ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે, તેમ આથી ઠરાવવામાં આવેલ.

વંચાણે લીધા (૯) પરના માન. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના આદેશ મુજબ ઉક્ત વંચાણે લીધા (૮) થી કરેલ ઠરાવ બાબતે સ્પષ્ટતા દર્શાવતો ઠરાવ કરવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (૧૦) થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાન થાય તે કિસ્સામાં સિલિકોસીસના દર્દીના મૃત્યુ બાદ તેઓના વારસદારો દ્વારા આ યોજના અન્વયે ભૂતકાળમાં સમયમર્યાદા બાદ અરજી રજૂ થવાથી વિલંબના કારણે નામંજૂર/દફતરે કરવામાં આવેલ અરજીઓ તથા વારસદારો દ્વારા અરજી કરવામાં આવેલ ન હોય તો તેવા વારસદારોની અરજી મળ્યેથી સમય મર્યાદાને અવગણી, વિલંબ ગ્રાહ્ય રાખી, નિયમોનુસાર ચકાસણી કરી, યોગ્ય જણાયેથી જરુરી અભિપ્રાય/ભલામણ સહિત અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને મોકલી આપવાની રહેશે તથા સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે, તેમ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઋચિર અમીન)
સેકશન અધિકારી
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત ક્ષેત્રના સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી પીડિત શ્રમયોગીને પુનર્વસન અન્વયે આર્થિક સહાય આપવા અંગેની યોજના.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M3
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧૨/૨૦૨૫

વંચાણે લીધા:-

1. માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર
2. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનો તા.૦૬/૧૨/૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ ગશ્રક/બોર્ડ/સિલિકો/પીડિત – ઠરાવ સુધારા હુકમ/૨૦૨૫/૨૬૬૩

આમુખ:

રાજયમાં અકિક/પથ્થર ઉદ્યોગ/ બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોચ્છ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોય છે. આવા વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડિત શ્રમયોગીઓ માટે પુનર્વસનની નીતિ ઘડવા બાબતે વંચાણે લીધા (૧) ના આદેશ અન્વયે વંચાણે લીધા (૨) થી આવા વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડિત શ્રમયોગીઓ માટે પુનર્વસન માટે તબીબી સારવાર માટે તેમજ અશક્તતાના કિસ્સામાં આર્થિક સહાય મળી રહે તે બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણ હેઠળ હતી.

ઠરાવ:

આથી, પુખ્ત વિચારણના અંતે રાજયમાં અકીક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ એવા અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) કે જે સિલીકોસીસ રોગથી બિમાર હોય તેમના માટે નીચે મુજબની યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) યોજનાનું નામ:-

"રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત ક્ષેત્રના સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી પીડિત શ્રમયોગીને આર્થિક સહાય આપવા અંગેની યોજના"

(૨) આ યોજનાનો અમલ:-

આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે.

1. આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે.
2. શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગર દ્વારા સદર યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યૂ કરવાનો રહેશે.

(૩) હેતુ:-

રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી તેઓને OSH Code, 2020ની અનુસૂચિ-૩ માં જણાવેલ રોગો પૈકી ક્રમ ૧૨ પર દર્શાવેલ સિલીકોસીસ રોગ થવાની સંભાવનાઓ વધુ છે. આ રોગથી ઉકત પ્રકારના શ્રમયોગીઓ પીડિત હોય તો તેઓને આર્થિક સહાય આપવા અંગેનો હેતુ છે.

(૪) લાભાર્થીની પાત્રતા:-

અકિક/પથ્થર ઉદ્યોગ/બાંધકામમાં રાજયના કોઇપણ સ્થળે કામ કરતા શ્રમયોગી અસંગઠિત ક્ષેત્રના સ્વાશ્રયી વ્યવસાયિકો સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડિત હોય તેવા પીડીતોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) આર્થિક સહાયનું ધોરણ:-

આ યોજના હેઠળ સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડિત હોય તેવા પીડીતોને રૂ.૩.૦ લાખની મહત્તમ મર્યાદામાં મફત તબીબી સારવાર (સારવાર અંગેના બીલની તારીખથી છ મહીનાની અંદર શ્રમ તંત્રની જિલ્લા કચેરીને રજુ કરેલ બીલ (અસલ/ખરી નકલ) સહાયના ચુકવણા માટે માન્ય ગણાશે), સિલીકોસીસની સારવાર દરમિયાન માસીક રૂ.૧૫૦૦/- ની સહાય, સંપૂર્ણ અશક્તતાના કિસ્સામાં માસીક રૂ.૩૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવશે.

(૬) યોજનાના અમલીકરણની કામગીરી:-

આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી રજુ કરવાની પદ્ધતિ:

આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર શ્રમયોગી દ્વારા સંબંધિત જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્યની કચેરી અથવા સંયુક્ત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીએથી આર્થિક સહાય અંગેનું નિયત અરજીપત્રક ભરીને તે અંગેના અન્ય સાધનિક કાગળોની પ્રમાણિત નકલો સહિત બે નકલોમાં ઉકત સંબંધિત જિલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીએ પહોંચાડવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીઓના નિકાલ બાબત:-

1. આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર પીડિત શ્રમયોગી તરફથી નિયત નમૂનામાં અરજી મળ્યા બાદ જિલ્લા કક્ષાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના વર્ગ-૨ના અધિકારી દ્વારા અરજી સાથેના જરૂરી કાગળોની પ્રાથમિક ચકાસણી કરીને અધૂરી અરજીના કિસ્સામાં જરૂરી પૂર્તતા દિન-૧૫માં કરાવવાની રહેશે. જે પૂર્તતા થયા બાદ ચકાસેલ અને સાધનિક કાગળો સાથેની સંપૂર્ણ અરજીઓની બંને નકલો તે જિલ્લાના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના સર્ટીફાઇંગ સર્જનને મોકલવાની રહેશે. સર્ટીફાઇંગ સર્જનશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા શ્રમયોગીનું

સિલીકોસીસથી પીડિત અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરાવવાની રહેશે.

2. સંબંધિત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની જિલ્લા કચેરીના સર્ટીફાઇંગ સર્જનશ્રીએ સિલીકોસીસથી પીડિત હોવા અંગેનું પ્રમાણિત કર્યા બાદ આવી અરજીઓ સંબંધિત જિલ્લાના સંયુકત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને પરત મોકલવાની રહેશે અને તે પૈકીની સંબંધિત વ્યકિતને મળવાપાત્ર સહાય નામંજૂર થવા પાત્ર હોય, તો નામંજૂર થવાના કારણોની અરજદારને જાણ કરી, અરજી પરત કરવાની રહેશે. જો અરજી મંજુર કરવાપાત્ર જણાય, તો સંબંધિત જિલ્લાના સંયુકત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા સંબંધિત કેસ જિલ્લા કક્ષાએ સરકારી શ્રમ અધિકારીની કચેરીને મોકલી આપવાનો રહેશે.
3. સરકારી શ્રમ અધિકારીએ અરજદાર સ્વાશ્રયી/ અસંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલ છે કે કેમ એ બાબતે ખરાઇ કરી, સહાય ચૂકવણી બાબતે પોતાની ભલામણ સાથે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને મોકલવાની રહેશે તથા માસિક સહાય ચૂકવણી કરવાના હેતુથી અરજદાર સ્વાશ્રયી/ અસંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલ છે કે કેમ તે બાબતની દર ત્રણ માસે ચકાસણી કરી બોર્ડને અભિપ્રાય મોકલી આપવાનો રહેશે.
4. અરજદાર દ્વારા સિલિકોસીસની બિમારી અંગેની સારવાર લીધાના મહત્તમ છ માસની મર્યાદામાં રજૂ થતાં અસલ/ ખરી નકલ વાળા બિલની સંબંધિત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની જિલ્લા કચેરીના સર્ટીફાઇંગ સર્જનશ્રીએ ચકાસણી કરી, ચૂકવણાં અંગે બોર્ડને ભલામણ કરવાની રહેશે. તથા સદર ખર્ચ મહત્તમ રૂ.૩.૦૦ લાખની મર્યાદામાં થાય તેની કાળજી રાખવાની રહેશે. વધુમાં, અરજદારના સારવારના દસ્તાવેજને આધારે અરજદાર સિલિકોસીસને લીધે સંપૂર્ણ અશક્ત છે અને તેથી તે મુજબની માસિક સહાય ચૂકવણી કરવાની ભલામણ બોર્ડને કરવાની રહેશે. તે બાબતે દર ત્રણ માસે ચકાસણી કરી બોર્ડને અભિપ્રાય મોકલી આપવાનો રહેશે.

(૯) <u>યોજનાનો ખર્ચ:-</u>

આ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ સહાયનો ખર્ચ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને જે તે નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૧૦) સદરહુ ઠરાવની અમલવારી ઠરાવ બહાર પાડ્યા તારીખથી કરવાની રહેશે.

(૧૧) <u>અન્ય શરતો:-</u>

1. આ યોજના હેઠળ નિયત નાણાંકિય મર્યાદાને ધ્યાને રાખી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરે રાખવાની રહેશે.
2. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
3. ઓનલાઈન / ઓફલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનુ રહેશે.
4. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
5. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનુ રહેશે.
8. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

12. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

15. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

16. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

17. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬થી કરવાનો રહેશે.

18. આ ગ્રાન્ટ શ્રમ આયુક્તશ્રીની કચેરી મારફતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના હવાલે મૂકવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઋચિર અમીન)
સેકશન અધિકારી
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (શ્ર.કૌ.વિ.રો.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. ક. મંત્રીશ્રી, (શ્ર.કૌ.વિ.રો.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ આયુક્તશ્રી, શ્રમઆયુકતશ્રીની કચેરી, ગુ.રા. ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા / નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ

<u>વિના મુલ્યે</u>

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર

રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સિલીકોસિસથી પીડિત શ્રમીકોને આર્થિક સહાય આપવા અંગેની યોજના.

ભાગ- (અ)

**<u>અરજી પત્રક</u>**

હું નીચે સહી કરનાર અરજદાર શ્રી/ શ્રીમતિ/ સુશ્રી ______________________ અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ છું અને હાલમાં વ્યવસાયલક્ષી સિલીકોસીસ રોગથી હાલમાં પીડિત છું. જેથી નીચે મુજબની આર્થિક સહાય મેળવવા માટે અરજી રજુ કરું છું.

(અ) તબીબી ખર્ચ સહાય હા / ના

(બ) સારવાર દરમિયાન માસિક સહાય હા / ના

(ક) સારવાર દરમિયાન સંપૂર્ણ અશક્તતાના કિસ્સામાં માસિક સહાય હા / ના

સિલીકોસીસ રોગને કારણે પીડિત વ્યક્તિની રજુ કરવાની વિગતોઃ-

1. અરજદાર શ્રમિકનું પુરૂ નામઃ ______________________
2. કાયમી પુરુ સરનામું: ______________________
3. અરજદારશ્રી અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં ક્યારથી સંકળાયેલ હતા ? વર્ષ __________
4. અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં કઇ રીતે કાર્ય કરતા હતા ? સ્વાશ્રયી/શ્રમયોગી __________
5. અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયના સ્થળનું સરનામું ______________________
6. સિલીકોસીસ રોગ કયારથી થયેલ છે? તા. __________
7. હાલમાં સારવાર ચાલુ છે તે અંગે પ્રમાણપત્ર આપનાર હોસ્પિટલ/દવાખાનાનું નામ, ડૉકટરનું નામ અને સરનામું ______________________
8. સારવાર દરમિયાન થયેલ ખર્ચના આ સાથે રજૂ થયેલ બિલની કુલ રકમ (રૂ.) __________
9. આ યોજના હેઠળ મને મંજુર કરેલ સહાયની રકમ નીચે દર્શાવેલ મારા બૅંકના ખાતામાં બારોબાર જમા થશે તેની મને જાણ છે. (કેન્સલ ચેકની ફોટો અથવા બૅંક પાસબુકની નકલ સામેલ રાખવી.)
10. લાભાર્થીનો ઈ-શ્રમ કાર્ડ. નં : ______________________
11. અરજદારની બૅંકની વિગત
    - નામ: ______________________
    - બૅંકનું નામ: ______________________
    - બૅંકનું સરનામું: ______________________
    - બચત ખાતા નં.: ______________________
    - માઇકર નંબર: ______________________
    - I.F.S.C. કોડ નંબર: ______________________

આથી હું ખાતરી આપું છું કે, મેં ઉપર જણાવેલ વિગતો સાચી અને ખરી છે. સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા માટે ખોટી હકીકતો રજુ કરીને લાભ મેળવવાથી મારી સામે ફોજદારી કેસ થઇ શકે છે. અને આ રકમ પરત ભરપાઇ કરવાની રહે છે. તે હું જાણું છું.

લાભાર્થી/અરજદારના સહી/અંગુઠાનું નિશાન ____________

લાભાર્થી/અરજદારનું નામ ____________

નોંધઃ- અંગુઠાનું નિશાન હોય તો તેની ઓળખ આપનાર વ્યકિતનું નામ, સરનામું, ફોન નંબર અને સહી

______________________________

______________________________

લાભાર્થીની ઓળખ આપનાર વ્યકિત (સાક્ષી)ની વિગતઃ

1. નામ ____________ સરનામું ____________

____________ સહી ____________

(ઓળખ કાર્ડની નકલ)

2. નામ ____________ સરનામું ____________

____________ સહી ____________

(ઓળખ કાર્ડની નકલ)

રજુ કરેલ પુરાવાઃ

(૧) આધારકાર્ડની નકલ

(૨) સારવાર બાબતના દસ્તાવેજ અને બિલની અસલ/ સ્વપ્રમાણિત ખરી નકલ

(3) બેંક પાસબુકની નકલ/ કેન્સલ ચેકની નકલ

(૪) અન્ય

ભાગ-(બ)

## <u>જિલ્લાની ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્યની કચેરીની તપાસની વિગત</u>

કેસ રજીસ્ટર નંબરઃ ____________ વર્ષ ; ____________ તારીખઃ ____________

શ્રી/ શ્રીમતિ/ સુશ્રી ____________ ઉંમર(વર્ષ) ____________ તાલુકો ____________ જીલ્લો ____________ એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં સંપૂર્ણ ચકાસણી કરેલ છે અને તેમની અરજીમાં પીડિતના વ્યવસાય અંગે સક્ષમ સત્તાધિકારીએ ખરાઇ કરીને આપેલ પ્રમાણપત્રના આધારે / પીડિત શ્રમિક અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ છે તેમ જણાય છે. આમ આ બાબતના તમામ દસ્તાવેજી પુરાવાની ચકાસણી આ કચેરી દ્વારા કરવામાં આવેલ છે. આમ અરજદાર સીલીકોસીસ રોગથી પીડિત છે તેમ હું ઠરાવુ છું. આથી, આ યોજના હેઠળ અરજદારશ્રીને નીચે મુજબની સહાય ચૂકવવા અત્રેથી ભલામણ કરવામાં આવે છે.

1. તબીબી ખર્ચમાં આપવાની આર્થિક સહાય (રૂ.૩.00 લાખની મર્યાદામાં) : રકમ રૂ. ____________
2. અરજદારની સારવાર ચાલુ હોઈ તે દરમ્યાન ચુકવવાની થતી માસિક સહાય રૂ. ____________
3. અરજદારે રજૂ કરેલ તબીબી દસ્તાવેજ મુજબ અરજદાર સંપૂર્ણ અશક્ત હોઇ, સંપૂર્ણ અશક્તતાના કિસ્સામાં આપવામાં આવતી આર્થિક સહાય રૂ. ____________

_______________
જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની
કચેરીના અધિકારીના નામ/સહી/હોદ્દાનો સિકકો

તારીખ :
સ્થળ:

સર્ટીફાઇંગ સર્જન, જિલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને પ્રમાણપત્ર આપવા સારૂ તા. ____________ ના રોજ પત્ર ક્રમાંક: ____________ થી દાવા અરજી મોકલવામાં આવે છે.

ભાગ- (ક)

**સિલીકોસીસથી પીડિત શ્રમિક અંગેના કિસ્સામાં સર્ટીફાઇંગ સર્જનશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયએ આપવાનું પ્રમાણપત્ર**

કેસ રજીસ્ટર નંબર: ____________ વર્ષ : ____________ તારીખ: ____________

શ્રી/ શ્રીમતિ/ સુશ્રી ____________ ઉંમર(વર્ષ) ____________ તાલુકો ____________ જીલ્લો ____________ ને સિલીકોસિસ રોગથી પીડિત હોવાના કેસ પેપર/કાગળો જોતાં તથા તેઓ સિલીકોસિસ રોગથી પીડિત હોવાનું પ્રમાણિત કરવામાં આવે છે. સરકારશ્રીના ઠરાવ મુજબ અરજદારશ્રીને નીચે મુજબની સહાય ચૂકવવા અત્રેથી ભલામણ કરવામાં આવે છે.

1. તબીબી ખર્ચમાં આપવાની આર્થિક સહાય (રૂ.૩.૦૦ લાખની મર્યાદામાં) : રકમ રૂ. ____________
2. અરજદારની સારવાર ચાલુ હોઈ તે દરમ્યાન ચુકવવાની થતી માસિક સહાય રૂ. ____________
3. અરજદારે રજૂ કરેલ તબીબી દસ્તાવેજ મુજબ અરજદાર સંપૂર્ણ અશક્ત હોઇ, સંપૂર્ણ અશક્તતાના કિસ્સામાં આપવામાં આવતી આર્થિક સહાય રૂ. ____________

_______________
સર્ટીફાઇડ સર્જન
જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની
કચેરીના નામ/સહી/હોદ્દાનો સિકકો

તારીખ :
સ્થળ:

જિલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને તા.____________ ના રોજ પત્ર ક્રમાંક: ____________ થી આ કેસ પરત મોકલવામાં આવે છે.

ભાગ- (ડ)

**સરકારી શ્રમ અધિકારીએ લાભાર્થી અસંગઠિત શ્રમિક હોવાનું જાત ખરાઈ કરેલ પ્રમાણપત્રનો નમુનો**

કેસ રજીસ્ટર નંબર: ____________ વર્ષ : ____________ તારીખ: ____________

શ્રી/ શ્રીમતિ/ સુશ્રી ________________________________ ઉંમર(વર્ષ) ________ તાલુકો ________________ જીલ્લો ________________ તા.૦૧/૦૪/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ મુજબ પૂર્ણ કાલીન અસંગઠિત શ્રમિક હતા તથા તેઓ અસંગઠિત શ્રમિક હોઈ, નીચે મુજબની સહાય ચુકવવાની ભલામણ કરવામાં આવે છે.

1. તબીબી ખર્ચમાં આપવાની આર્થિક સહાય (રૂ.3.00 લાખની મર્યાદામાં) રકમ રૂ. ______________
2. અરજદારની સારવાર ચાલુ હોઈ તે દરમ્યાન ચુકવવાની થતી માસિક સહાય રૂ. ______________
3. અરજદારે રજૂ કરેલ તબીબી દસ્તાવેજ મુજબ અરજદાર સંપૂર્ણ અશક્ત હોઇ, સંપૂર્ણ અશક્તતાના કિસ્સામાં આપવામાં આવતી આર્થિક સહાય રૂ. ______________

______________________

સરકારી શ્રમ અધિકારી

નામ/સહી/હોદ્દાનો સિકકો

તારીખ :

સ્થળ:

પત્ર ક્રમાંક: ટીબી/૬૮૨૦૨૫/સીલીકોસીસ/સારવાર/ ૫-૪૬૦ /૨૦૨૫,

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ

બ્લોક ૫/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તારીખ: ૦૯-૦૧-૨૦૨૬

---

પ્રતિ,

- મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ (તમામ-GMERS સહિત)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (તમામ)
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, જિલ્લા હોસ્પિટલ (તમામ-GMERS સહિત)
- મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન (તમામ)
- સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ (તમામ)

<u>વિષય:</u> વ્યવસાયલક્ષી ગંભીર રોગ સીલીકોસીસથી પીડિત શ્રમયોગીના કિસ્સામાં વિનામૂલ્યે સારવાર આપવા બાબત.

<u>સંદર્ભ:</u> (૧) અગ્રસચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગરનો ઇ-સરકાર Letter No.LED/0321/12/2025, Dt.22-12-2025

(૨) સેક્શન અધિકારીશ્રી (ગ-શાખા), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનો ઇ-સરકાર Letter No.HFWD/1018/12/2025, Dt.24-12-2025

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ઇ-સરકાર ફાઇલ નં:HEC/TB/e-file/145/2025/15287/Health-TB નોંધ નં.૮ તા.૩૧/૧૨/૨૦૨૫ પર મળેલ મંજુરી

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યના સીલીકોસીસના દર્દીઓ અને તેમના વારસદારોને વળતર ચુકવવા અંગે નામ. ગુજરાત હાઇકોર્ટમાં SCA No.4137/2024 ચાલી રહેલ છે. જેની તા.૧૫-૧૨-૨૦૨૫ ની સુનાવણીમાં નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા સીલીકોસીસથી પીડિત દર્દીઓ માટે નિ:શુલ્ક સારવાર મળી રહે તે બાબતે વિચારણા કરવા સૂચના આપવામાં આવેલ છે.

હાલમાં નામ. ગુજરાત હાઇકોર્ટમાં આગામી સુનાવણી તા.૦૮-૦૧-૨૦૨૬ ના રોજ નિર્ધારીત થયેલ છે. જેમાં શ્રમ કૌશલ વિકાસ અને રોજગાર વિભાગ કક્ષાએથી નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ સૂચન અન્વયે કરેલ કાર્યવાહી અંગે સોગંદનામું રજૂ કરવાનું થાય છે.

જેના અનુસંધાને સંદર્ભ (૩) મુજબ મળેલ મંજુરી અન્વયે સીલીકોસીસથી પીડિત દર્દીઓ માટે સીલીકોસિસ લગત નિદાન અને સારવારની સુવિધાઓ રાજ્યના તમામ સ્તરના સરકારી દવાખાનાઓમાં વિનામૂલ્યે તથા જિલ્લા હોસ્પિટલો/જી.એમ.ઇ.આર.એસ કોલેજો ખાતે ઓક્સિજન સહિત સારવારની સુવિધાઓ તેમજ સીલીકોસીસની બિમારી અંગેનું નિદાન પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા આથી જણાવવામાં આવે છે.

અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ઇ-સરકાર ફાઇલ નં:HEC/TB/e-file/145/2025/15287/Health-TB નોંધ નં.૮ તા.૩૧/૧૨/૨૦૨૫થી મળેલ મંજૂરી મુજબ આ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

| | | | |
|---|---|---|---|
| અધિક નિયામક (ત.શિ.) | અધિક નિયામક (ત.સે.) | અધિક નિયામક (જ.આ.) | સી.ઈ.ઓ.(GMERS) |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

<u>નકલ સવિનય રવાના:</u>

- અગ્રસચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી (આરોગ્ય-અર્બન), મજકુર કચેરી, ગાંધીનગર
- કમિશ્નરશ્રી (આરોગ્ય-રૂરલ) અને મિશન ડાયરેક્ટરશ્રી, એન.એચ.એમ., ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગારની કચેરી, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

- સેક્શન અધિકારીશ્રી (ગ-શાખા), આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર

રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M2
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૭/૦૧/૨૦૨૬

## વંચાણે લીધાઃ

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૧૨/૧૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/ 0609/M3

(૨) માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર

(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, ગાંધીનગરનો તા.૦૨/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક:HEC/0046/01/2026

(૪) ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરનો તા.૦૬/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ગ્રશ્રક/બોર્ડ/સિલિકોસીસ/૨૦૨૬/૨૮૨૯

**આમુખ:**

રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/ બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોય છે. આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુઃખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનના વંચાણે લીધા ક્રમ-૩ પરના પત્રથી સિલિકોસીસથી પિડિત દર્દીઓ માટે તમામ પ્રકારના નિદાન અને સારવારની સુવિધાઓ રાજયના તમામ સ્તરના સરકારી દવાખાઓમાં વિના મૂલ્યે તથા જિલ્લા હોસ્પિટલો તથા જી.એમ.ઈ.આર.એસ. કોલેજો ખાતે ઓક્સિજન સહિત સારવારની સુવિધાઓ તેમજ સિલિકોસીસની બિમારી અંગેનું નિદાન પણ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા સંબંધિતોને જણાવેલ છે.

આવા વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડીત શ્રમયોગીઓને આર્થિક સહાય મળી રહે તે બાબતે સરકારશ્રીના ઉકત સંદર્ભિત-૧ થી ઠરાવ કરવામાં આવેલ છે, પરંતુ વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડીત શ્રમયોગીઓને આર્થિક સહાય મળી રહે તે બાબતે અરજદારને અરજી કરવામાં વધુ સરળતા તેમજ સ્પષ્ટતા મળી રહે તે હેતુથી ઉકત તારીખ:૧૨/૧૨/૨૦૨૫નો સંદર્ભિત-૧નો ઠરાવ રદ કરવામાં આવે છે તેમજ પુખ્ત વિચારણના અંતે નીચે મુજબની યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) યોજનાનું નામઃ-

"રાજયમાં અકીક/ પથ્થર/ બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના" તરીકે ઓળખાશે.

(૨) આ યોજનાનો અમલ:-

આ યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે.

(૧) આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે.

(૨) શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સદર યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યૂ કરવાનો રહેશે.

(૩) હેતુ:-

રાજયમાં અકીક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી તેઓને ઓક્યુપેશનલ સેફટી, હેલ્થ એન્ડ વર્કીંગ કન્ડીશન્સ કોડ,૨૦૨૦ની અનુસૂચિ-૩ માં જણાવેલ રોગો પૈકી ક્રમ-૧૨ પર દર્શાવેલ સિલીકોસીસ રોગ થવાની સંભાવનાઓ વધુ છે. આ રોગથી ઉકત પ્રકારના શ્રમયોગીઓ પીડીત હોય તો તેઓને આર્થિક સહાય આપવા અંગેનો હેતુ છે.

(૪) લાભાર્થીની પાત્રતા:-

અકિક/પથ્થર ઉદ્યોગ/બાંધકામમાં રાજયના કોઇપણ સ્થળે કામ કરતા અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડીત હોય, વર્કમેન કમ્પેનશેસન કે ઇ.એસ.આઇ.સી. હેઠળના કોઇ પણ કમ્પેનશેસનનો લાભ જેને મળવાપાત્ર નથી તેવા પીડીતોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) આર્થિક સહાયનું ધોરણ-

આ યોજના હેઠળ સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડીત હોય તેવા પીડીતોને રૂ.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ)ની સહાય મળવાપાત્ર થશે.

(૬) યોજનાના અમલીકરણની કામગીરી:-

આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે. નિયામકશ્રી - ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રની સંબધિત જીલ્લાની કચેરીના સક્ષમ અધિકારી અને સર્ટીફાઇંગ સર્જન અરજદાર સિલિકોસીસથી પીડીત છે કે કેમ તે અંગેનું ખરાઇ કરીને પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરવાની રહેશે અને પાત્રતાના કિસ્સામાં આર્થિક સહાય ચૂકવવા અંગે ભલામણ કરવાની રહેશે. અરજદાર અસંગઠિત/ સ્વાશ્રયી ક્ષેત્રમાં સંકળાયેલ છે કે કેમ તે બાબતની ખરાઇ શ્રમતંત્રના સરકારી શ્રમ અધિકારીશ્રીએ કરવાની રહેશે અને પાત્રતાના કિસ્સામાં આર્થિક સહાય ચૂકવવા અંગે ભલામણ કરવાની રહેશે. તથા ઉક્ત ખરાઇ બાદ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને ભલામણ સાથે અસલમાં મોકલી આપવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી રજુ કરવાની પદ્ધતિ:

આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો દ્વારા સંબંધિત જીલ્લા કક્ષાએ ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રની કચેરી અથવા શ્રમતંત્રની કચેરીએથી આર્થિક સહાય અંગેનું નિયત અરજીપત્રક ભરીને તે અંગેના અન્ય સાધનિક કાગળોની પ્રમાણિત નકલો સહિત બે નકલોમાં ઉકત સબંધિત જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીએ અથવા જીલ્લાની સરકારી શ્રમ અધિકારીની કચેરીએ પહોંચાડવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીઓના નિકાલ બાબત:-

આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર પીડીત શ્રમયોગી તરફથી નિયત નમૂનામાં અરજી મળ્યા બાદ જીલ્લા કક્ષાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી અથવા જીલ્લાની સરકારી શ્રમ અધિકારીની કચેરીના વર્ગ-૨ના અધિકારી દ્વારા અરજી સાથેના જરૂરી કાગળોની પ્રાથમિક ચકાસણી કરીને અધૂરી અરજીના કિસ્સામાં અરજદાર પાસે જરૂરી પૂર્તતા દિન-૧૫માં કરાવવાની રહેશે. જે પૂર્તતા થયા બાદ ચકાસેલ અને સાધનિક કાગળો સાથેની સંપૂર્ણ અરજીઓની બંને નકલો તે જીલ્લાના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના સર્ટીફાઇંગ સર્જનને મોકલવાની રહેશે. સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા શ્રમયોગીનું સિલીકોસીસથી પીડીત અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરાવવાની રહેશે.

સબંધિત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની જીલ્લા કચેરીના સર્ટીફાઇંગ સર્જનશ્રીએ સિલીકોસીસથી પીડીત હોવા અંગેનું પ્રમાણિત કર્યા બાદ આવી અરજીઓ સબંધિત જીલ્લાના

સંયુક્ત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને પરત મોકલવાની રહેશે અને તે પૈકીની સબંધિત વ્યકિતને મળવાપાત્ર સહાય નામંજૂર થવા પાત્ર હોય,તો નામંજૂર થવાના કારણોની અરજદારને જાણ કરી, અરજી પરત કરવાની રહેશે. જો અરજી મંજુર કરવાપાત્ર જણાય, તો સબંધિત જીલ્લાના સંયુક્ત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા સંબંધિત કેસ જીલ્લા કક્ષાએ સરકારી શ્રમ અધિકારીની કચેરીને મોકલી આપશે.

સરકારી શ્રમ અધિકારીએ અરજદાર અસંગઠિત/સ્વાશ્રયી ક્ષેત્ર સાથે સંકળાયેલ છે કે કેમ એ બાબતે ખરાઇ કરી, સહાય ચૂકવણીની ભલામણ સાથે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને મોકલવાની રહેશે.

(૯) <u>યોજનાના ખર્ચનું સદર (બજેટ હેડ):-</u>

આ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ <u>સહાયનો ખર્ચ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને જે તે નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.</u>

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૫૭, મુખ્ય સદર ૨૨૩૦-શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર-૦૧ શ્રમ, ગૌણ સદર ૧૧૧ મજુરોની સામાજીક સુરક્ષા, પેટા સદર (૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ – અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ. ૬ (છ) કરોડની જોગવાઈથી અનુભાગ-૧ હેઠળ ઉધારવાનો રહેશે.

(૧૦) સદરહું ઠરાવની અમલવારી પ્રસિધ્ધ થયા તારીખ થી કરવાની રહેશે.

(૧૧) <u>અન્ય શરતો:-</u>

a. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાંકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ રાખવાની રહેશે.

b. પારદર્શક પ્રકિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

c. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનુ રહેશે.

d. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

e. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

f. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

g. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનુ રહેશે.

h. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

i. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

j.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

k.પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

l.આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

m.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

n.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

o.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

p.સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

q.પ્રસ્તુત બાબતનો ખર્ચ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ પછી કરવાનો રહેશે.

r.આ ગ્રાન્ટ શ્રમ આયુક્તશ્રીની કચેરી મારફતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના હવાલે મૂકવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દ્રષ્ટિ શાહ)
નાયબ સચિવ (શ્રમ)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનં કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય , ગાંધીનગર

- માન.મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3,કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

<u>વિના મુલ્યે</u>

ગુજરાત સરકાર

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર

**રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા**

**સિલીકોસિસથી પીડીત શ્રમિકોને આર્થિક સહાય આપવા અંગેની યોજના**

**અરજી પત્રક**

હું નીચે સહી કરનાર અરજદાર શ્રી/શ્રીમતી ---------------------------------------- અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ છું. હું હાલમાં સિલીકોસીસ રોગથી પીડીત છુ. જેથી શ્રમયોગી વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી પીડીત હોવાના કિસ્સામાં આર્થિક સહાય મેળવવા અંગેની યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી જરૂરી બિડાણો સહિત આ સાથે રજુ કરૂ છું.

(૧) સિલીકોસીસ રોગને કારણે પીડીત વ્યકિતની રજુ કરવાની વિગતો:-

(એ) લાભાર્થી શ્રમિકનું આખું નામ:........................................................................................

(બી) કાયમી પુરૂ સરનામું..........................................................................................................

(સી) લાભાર્થી અકીક/પથ્થર/બાંધકામના ના વ્યવસાયમાં કયારથી આ કામ કરતા હતા? વર્ષ................

(ડી) અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં કઇ રીતે કાર્ય કરતા હતા ? સ્વાશ્રયી/શ્રમયોગી ...............

(ઇ) અકીક/પથ્થર/બાંધકામનાવ્યવસાયનું સરનામું ...........................................................

(એફ) સિલીકોસીસ રોગ ક્યારથી થયેલ છે? તારીખ..................................................................

(જી) હાલમાં સારવાર ચાલુ છે તે અંગે પ્રમાણપત્ર આપનાર હોસ્પિટલ/દવાખાનાનું નામ, ડૉક્ટરનું નામ અને સરનામું ...................................................................................................

(એચ) આ અરજી સમયે સરકારમાંથી અન્ય કોઇ સહાય મળેલ નથી. કે મેળવવા અરજી કરેલ નથી.
તે મતલબનું રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તા.............................ના રોજ કરેલ સોગંદનામું
અસલમાં આ સાથે રજુ કરેલ છે.

(આઈ) કેન્સલ ચેક્નો ફોટો અથવા બેંક પાસબુકની નકલ સામેલ છે કે કેમ? હા / ના

(જે) લાભાર્થીનો ઈ-શ્રમ કાર્ડ નંબર (હોય તો) :
..........................................................................................

(કે) અરજદારની બેંકની વિગત

- નામ:------------------------------------------------------------------
- બેંકનું નામ : --------------------------------------------------------
- બેંકનું સરનામું : -----------------------------------------------------
- બચત ખાતા નંબર : ---------------------------------------------------
- I.F.S.C. કોડ નંબર : ---------------------------------------------------

આથી હું ખાતરી આપું છું કે, મેં જણાવેલ ઉપરની વિગતો સાચી અને ખરી છે અને સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા માટે જો મે કોઈ ખોટી વિગતો/હકીકતો રજુ કરીને લાભ મેળવેલ હશે તો મારી સામે ફોજદારી કેસ થઇ શકે છે અને આ રકમ પરત ભરપાઇ કરવાની આથી હું બાંહેધરી આપું છું.

લાભાર્થી/અરજદારનું નામ
સહી/ અંગુઠાનું નિશાન

..................................................................................

નોંધઃ- અંગુઠાનું નિશાન હોય તો તેની
ઓળખ આપનાર વ્યકિતનું નામ,સરનામું,ફોન નંબર અને
સહી/- ..................................................................................

<u>લાભાર્થીની ઓળખ આપનાર વ્યકિત(સાક્ષી)</u>

(૧)નામ.................................................................. સરનામું.......................................
સહી......................................
(૨)નામ.................................................................. સરનામું.......................................
સહી......................................

**ભાગ-૧**

**જીલ્લાની ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીની તપાસની વિગત**

કેસ રજીસ્ટર નંબર:........................................ વર્ષ:...........................

તારીખ:......................................

અરજદારશ્રી.........................................................................ઉંમર(વર્ષ)................તાલુકો:..................

.......... જીલ્લો................................................ એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં સંપૂર્ણ ચકાસણી કરેલ છે અને અરજદાર સીલીકોસીસ રોગથી પીડીત છે તેમ હું ઠરાવુ છું.

આથી આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાય અંગે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવાની મંજુરી સાથે ભલામણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| સર્ટીફાઇંગ સર્જન | જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને |
| ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી | સ્વાસ્થ્યની કચેરી |
| નામ/સહી/હોદાનો સિકકો | નામ/સહી/હોદાનો સિકકો |

તારીખ : .............................................

સ્થળ:- .............................................

<u>અરજી જીલ્લાની સરકારી શ્રમ અધિકારીશ્રીની કચેરીને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત</u>

આઉટવર્ડ ક્રમાંક

.....................................................................................................................

તારીખ ..............................................

<u>અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત</u>

આઉટવર્ડ ક્રમાંક

.....................................................................................................................

તારીખ ..............................................

ભાગ-૨

## સરકારી શ્રમ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસની વિગત

કેસ રજીસ્ટર નંબર:.................................. વર્ષ :..................... તારીખ :......................................

અરજદારશ્રી.................................................................ઉંમર(વર્ષ)................તાલુકો:......................

. જીલ્લો............................................ એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં પ્રાથમિક ચકાસણી કરેલ છે અને સદરહું અરજીમાં અરજદારશ્રીના વ્યવસાય અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીએ કરી આપેલ ખરાઈ પ્રમાણપત્રના આધારે અરજદારશ્રી અકિકના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે.

આથી અરજદારશ્રીને આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાયના ચુકવણા અંગે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગરને આથી ભલામણ કરવામાં આવે છે.

સહી/-

સરકારી શ્રમ અધિકારી

તારીખ : ..............................................

.......................................................

સ્થળ:- ..............................................

**અરજી જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત**

**આઉટવર્ડ ક્રમાંક**

..............................................................................................................

તારીખ ..............................................

**અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત**

**આઉટવર્ડ ક્રમાંક**

..............................................................................................................

તારીખ ..............................................

# એડવાન્સ રીસીપ્ટ

સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:........................................તા.......................... મુજબની એડવાન્સ રીસીપ્ટ

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ.................................................................... આથી પહોંચ મું...........................તાલુકો.....................................જીલ્લો.............................. લખી આપું છું કે, રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ સિલીકોસીસ રોગથી પીડીતોને આર્થિક સહાય આપવા અંગેની યોજના હેઠળ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગર તરફથી રૂ...............................\/- (અંકે રૂપીયા............................................................પુરા) આગળ મારી અરજીમાં જણાવેલ મારા બેંક ખાતામાં બારોબાર જમા મળેલ છે.

રેવન્યુ સ્ટેમ્પ

તારીખ:____________

સ્થળ:____________

સિલીકોસિસ પીડીત વ્યક્તિઓ તથા મૃત્યુ
પામેલા સિલીકોસિસ પીડિતોના આશ્રિતોને
ઉપયોગી યોજનાઓ બાબત.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:LED/LAD/e-file/11/2024/0609/M2
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૩/૦૭/૨૦૨૬

**વંચાણે લીધા:**

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

(૨) નામ. હાઇકોર્ટનો તા:૨૮/૦૪/૨૦૨૬નો ઓરલ ઓર્ડર

(3) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૨૧/૦૪/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવથી રાજ્યમાં અકિક/પથ્થર ઉદ્યોગ/ બાંધકામમાં રોકાયેલા શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગી/સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોશ્વાસ મારફતે તેમના ફેફસામાં પ્રવેશતાં સિલીકો-ટયુબરક્યુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય તેવા શ્રમયોગી સિલીકોસિસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોવાના લીધે આવા શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારોને આર્થિક સહાય આપવાની યોજના બહાર પાડવમાં આવેલ છે.

સિલીકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલ સિલીકોસિસ પીડિતોના આશ્રિતોને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની તમામ યોજનાઓ તેમજ ગુજરાત સરકારના અન્ય વિભાગો દ્વારા ચાલતી તેમજ લાગુ પડતી નીચે મુજબની મુખ્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ મળી રહે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે, સિલીકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલ સિલીકોસિસ પીડિતોના આશ્રિતોને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની તમામ યોજનાઓ તેમજ ગુજરાત સરકારના અન્ય વિભાગો દ્વારા ચાલતી નીચે મુજબની મુખ્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ આ ઠરાવમાં સૂચવેલ શરતોને આધીન મળવાપાત્ર રહેશે.

| ક્રમ | યોજના | યોજનાની વિગત | સહાયનું ધોરણ | આવકની મર્યાદા | જાતિ |
|---|---|---|---|---|---|
| ૧ | મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (શિક્ષણ વિભાગ) | એમબીબીએસ (MBBS) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરી | મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને ટ્યુશન ફીનો ૫૦% સુધીનો લાભ, મહત્તમ રૂપિયા ૨.૦૦ લાખ સુધી<br><br>MYSY હેઠળ સહાય મેળવનારી વિદ્યાર્થિનીઓ માટે બાકી રહેલી ટ્યુશન ફી, કુલ રૂપિયા ૬ લાખ સુધીની મર્યાદામાં, **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ (MKKN)** મારફત | વાર્ષિક કુટુંબ આવક રૂપિયા ૬ લાખ સુધી | તમામ |
| ૨ | મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના (મહિલા અને બાળવિકાસ વિભાગ) | મહિલાના જીવનના અગત્યના ૧૦૦૦ દિવસ પર ફોક્સ | તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ સુક્ષ્મ પોષકતત્વો પણ ઉપલબ્ધ કરાવવા | નથી | તમામ |
| 3 | ફેલોશીપ શિષ્યવૃત્તિ યોજના (શિક્ષણ વિભાગ) | ધો.૧૦માં ૭૦ ટકા ઉપર પાસ કર્યા પછી ધો.૧૧ અને ત્યાર પછીના અભ્યાસમાં મેરીટના ધોરણે એસ.સી.એસ.ટી, સા.શૈ.રીતે પછાત અને અન્ય કેટેગીરીના વિદ્યાર્થીઓને વાર્ષિક ધોરણે રકમ ચૂકવવામાં આવે છે. | આર્થિક સહાય | ૨.૫૦ લાખ | તમામ |
| ૪ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (મહિલા અને બાળવિકાસ વિભાગ) | સમાજમાં નિરાધાર જીવન જીવતી ગંગા સ્વરૂપા મહિલાઓને(વિધવા) સમાજમાં પુન સ્થાપિત કરવા અને સન્માનપૂર્ણ જીવન જીવી શકે તે માટે સરકાર દ્વારા ગંગા સ્વરૂપા આર્થિક સહાય | માસિક રૂ. ૧૨૫૦/- ની આર્થિક સહાય | 1,50,000 | તમામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વ્હાલી દીકરી યોજના (મહિલા અને બાળવિકાસ વિભાગ) | દંપતિના પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર | • પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦ની સહાય<br>• નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦ની સહાય.<br>• ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂ.૧.૦૦ લાખની સહાય. | ગ્રામ્ય અને શહેર બંનેમાં એકસમાન= રૂ..૨.૦૦ લાખ કે તેથી ઓછી | તમામ |
| ૬ | મહિલા સ્વાવલંબન યોજના (મહિલા અને બાળવિકાસ વિભાગ) | ગ્રામ તેમજ શહેરી વિસ્તારની મહિલાઓને આર્થિક સહાય | મહિલાને ધંધાક્ષેત્ર માટે ૧૫ ટકા અથવા ૩૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હશે તેની ચૂકવણી માટે સબસિડી | ગ્રામ્ય કક્ષાએ રૂ.૧.૨૦ હજાર તથા શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ હજારની વાર્ષિક આવક | બીપીએલ હેઠળની તમામ |
| ૭ | ગંગા સ્વરૂપા પુન: લગ્ન આર્થિક સહાય યોજના<br><br>(મહિલા અને બાળવિકાસ વિભાગ) | ગંગા સ્વરૂપા બહેનોને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુન:સ્થાપિત કરવાના હેતુ | લાભાર્થી મહિલાના બચત ખાતામાં જિલ્લા કક્ષાએ DBT મારફતે ₹ ૨૫,૦૦૦/- અને ₹ ૨૫,૦૦૦/-ની રકમના રાષ્ટ્રીય બચત પત્રો (NSC) આપવાના. આમ, કુલ ₹ ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય | નથી | તમામ |
| ૮ | પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | પ્રથમ બે જીવિત બાળકો માટે ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓને આર્થિક સહાય | પ્રથમ બાળક માટે હપ્તાવાર ₹5,000 અને બીજા બાળક (કન્યા બાળક) માટે ₹6,000ની રકમ | કોઈ આવક મર્યાદા નથી | તમામ |
| ૯ | કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય (સામાજિક ન્યાય અને | ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૬,૦૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૬,૦૦,૦૦૦/- આવક મર્યાદા ધરાવતા અસાધ્ય અને ગંભીર રોગ જેવા ટી.બી, કે અને રકતપિત્તથી | સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- કેસ દીઠ<br>પ્રસુતિના ગંભીર રોગના કેસમાં રૂ.૫૦૦/- કેસ દીઠ | ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૬,૦૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૬,૦૦,૦૦૦/- આવક મર્યાદા | અનુસૂચિત જાતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અધિકારીતા વિભાગ) | પીડાતા દર્દીઓને સહાય | ટી.બી માટે રૂ.૫૦૦/- માસિક (દર્દ મટે નહી ત્યાં સુધી )<br>કેન્સર માટે રૂ.૧૦૦૦/- માસિક (દર્દ મટે નહી ત્યાં સુધી)<br>રકતપિત્ત માટે રૂ.૮૦૦/- માસિક (દર્દ મટે નહી ત્યાં સુધી)<br>એચઆઇવી માટે રૂ.૫૦૦/- માસિક (દર્દ મટે નહી ત્યાં સુધી) | | |
| ૧૦ | મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (શિક્ષણ વિભાગ) | ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવા | ૨૫,૦૦૦/- | નથી | તમામ |
| ૧૧ | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના (ઉદ્યોગ અને ખાણ વિભાગ) | ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર વ્યક્તિઓને સ્વરોજગારી પુરી પાડવા લોન સહાય પર સબસિડી | જનરલ કેટેગરી = રૂ.૩,૭૫,૦૦૦/- અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ= રૂ.૫,૦૦,૦૦૦/- | આવક મર્યાદા નથી | તમામ |
| ૧૨ | માનવ કલ્યાણ યોજના (ઉદ્યોગ અને ખાણ વિભાગ) | ગરીબી રેખાની નીચે જીવતી વ્યકિતઓ/કારીગરોની આર્થીક સ્થિતિ સુધારવા માટે બ્યુટીપાર્લર, દૂધ-દહીં વેચનાર, પાપડ બનાવટ વગેરે જેવા ૧૦ ટ્રેડમાં નાના | વેપાર/ધંધા/વ્યવસાય માટે જરૂરી સાધન/ઓજાર સહાય | વાર્ષીક આવક ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬,૦૦,૦૦૦/- સુધી | આર્થિક રીતે પછાત વર્ગો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રકારના વેપાર/ધંધા/વ્યવસાય માટે જરૂરી સાધન/ઓજાર સહાય | | | |
| ૧૩ | નમો લક્ષ્મી યોજના (શિક્ષણ વિભાગ) | કન્યાઓને માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરવા માટે પ્રોત્સાહન | ધોરણ 9-10: દર વર્ષે ₹10,000 (હાજરીના આધારે દર મહિને ₹500 + ધોરણ 10 પાસ કર્યા બાદ બાકી રકમ)<br>ધોરણ 11-12: દર વર્ષે ₹15,000 (હાજરીના આધારે દર મહિને ₹750 + ધોરણ 12 પાસ કર્યા બાદ બાકી રકમ)<br>કુલ: ધોરણ 12 પૂર્ણ કરવા પર કુલ ₹50,000 મળે છે. | વાર્ષિક આવક ૬.00 લાખ | તમામ |
| ૧૪ | નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના (શિક્ષણ વિભાગ) | ધોરણ 10ની બોર્ડ પરીક્ષા ઓછામાં ઓછા 50% કે તેથી વધુ ગુણ સાથે પાસ કરી હોય અને વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થયેલા હોય તેવા સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ / CBSE / GSHSEB શાળાઓમાં ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન | ધોરણ 11: દર વર્ષે ₹10,000 (10 મહિના માટે દર મહિને ₹1,000)<br>ધોરણ 12: દર વર્ષે ₹15,000 (10 મહિના માટે દર મહિને ₹1,000 + ધોરણ 12 પાસ કર્યા બાદ ₹5,000 બોનસ) | કોઈ આવમર્યાદા નથી | તમામ |
| ૧૫ | વિદ્યાર્થિનીઓ માંટે એસ.ટી. બસ પાસ યોજના (ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર નિગમ) | સરકારી તથા બિનસરકારી શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ટેકનિકલ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને **એસ.ટી. બસ પાસ ફી માં છૂટછાટ** | સંપુર્ણ મફત | કોઈ આવકમર્યાદા નથી | તમામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (શિક્ષણ વિભાગ) | ધોરણ 10 અથવા 12ની બોર્ડ પરીક્ષામાં ઓછામાં ઓછો 80 પર્સેન્ટાઇલ ધરાવતા વિદ્યાર્થીઓને ડિપ્લોમા, એન્જિનિયરિંગ, મેડિકલ તેમજ અન્ય ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે ટ્યુશન ફી, હોસ્ટેલ રહેઠાણ તથા પુસ્તકો/ઉપકરણો માટે આર્થિક સહાય | • મેડિકલ/ડેન્ટલ અભ્યાસક્રમો માટે વાર્ષિક વધુમાં વધુ ₹2,00,000 સુધીની સહાય<br>• ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ₹25,000 સુધી. | રૂ.૪.00 લાખની આવકમર્યાદા | તમામ |
| ૧૭ | નમો ઈ-ટેબલેટ યોજના<br><br>(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) | ધોરણ 12માં અથવા કોલેજ/પોલિટેકનિકના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓ તેમજ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) ના વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા | ₹1,000માં ટેબલેટ આપવામાં આવે છે | કોઈ આવકમર્યાદા નથી | તમામ |
| ૧૮ | ઝુંપડા વિજળીકરણ યોજના (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) | રાજ્યના ગરીબ લાભાર્થીઓને નિઃશુલ્ક ઘર વપરાશ માટે વીજ જોડાણો આપવા | વીજળીકરણ | ૧,૫૦,૦૦૦-બીપીએલ | તમામ |
| ૧૯ | માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના (શિક્ષણ વિભાગ) | અલગ અલગ સાત કેટેગેરીના વિદ્યાર્થીઓને સહાય | અભ્યાસક્રમને આધારે ૧૦,૦૦૦/- થી ૫.૦૦ લાખ સુધી | વાર્ષિક ૪.૫૦ લાખ કુટુંબ આવક | તમામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સહાય યોજના (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) | પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીને ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેમને લગ્ન સમયે | રૂ.૨.00 લાખની સહાય | નથી | તમામ |
| ૨૧ | અતિ જોખમી ચિહ્નો ધરાવતી સગર્ભા માતા માટેની યોજના (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | અતિશય જોખમની શકયતા હોય, તેવી સગર્ભા બહેનોને પહેલેથી ઓળખી, તેમની પ્રસૂતિ મેડિકલ કોલેજ કે જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે સુનિશ્ચિત કરવા અને પ્રસૂતિ પછી તરત ડિસ્ચાર્જ ન કરતાં સાત દિવસ સુધી હોસ્પિટલ ખાતે રોકાણ સુનિશ્ચિત કરવા | લાભાર્થીને કુલ રૂ.૧૫,000/-ના ઇન્સેન્ટીવ | નથી | તમામ |
| ૨૨ | કુંવરબાઈનું મામેરૂ યોજના (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગોની વ્યકિતઓને દિકરીનાં લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા | રૂ.૧૨,000/-ની સહાય | ૬.00 લાખ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગો |

વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા:૨૧/૦૪/૨૦૨૬ના પરિપત્રથી સિલીકોસિસ પીડિત વ્યકતિઓ તથા મૃત્યુ પામેલ સિલીકોસિસ પીડિતોના આશ્રિતોને અરજી કરવામાં વધુ સરળતા રહે તે હેતુથી તેમજ એકજ જગ્યાએ તેઓને લાગુ પડતી ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી યોજનાઓ અંગેની કામગીરી બાબતે જે તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓને નોડલ અધિકારી તરીકે જાહેર કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં ઉક્ત યોજનાઓ/કાર્યક્રમોના સુચારુ, પારદર્શક અને જવાબદાર અમલીકરણ માટે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે:

1. યોજના સંબંધિત તમામ વહીવટી, નાણાકીય તથા પ્રક્રિયાત્મક કામગીરી માટે સંબંધિત વિભાગ પ્રાથમિક રીતે જવાબદાર ગણાશે.
2. યોજનાના અમલીકરણ દરમ્યાન ઉદભવતા પ્રશ્નો, વિવાદો અથવા સ્પષ્ટીકરણ અંગેનો અંતિમ નિર્ણય સંબંધિત વિભાગ દ્વારા લેવામાં આવશે અને તે તમામ હેતુઓ માટે બાધ્યકર્તા ગણાશે.
3. અન્ય સહભાગી વિભાગો/કચેરીઓ દ્વારા જરૂરી સહકાર આપવામાં આવશે, પરંતુ નીતિગત તથા અમલીકરણ સંબંધિત જવાબદારી મૂળ સંબંધિત વિભાગની રહેશે.
4. આ યોજનાઓનો લાભ જે તે વિભાગ દ્વારા વખતોવખત કરવામાં આવતાં સુધારાને આધીન રહેશે.

(પૂજા ઉપાધ્યાય)

નાયબ સચિવ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે:

- માન. મંત્રીશ્રી (શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રમ નિયામકશ્રી, શ્રમ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.
- મદદનીશ શ્રમ આયુકતશ્રી તમામ, મારફત ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.
- સરકારી શ્રમ અધિકારીશ્રી તમામ, મારફત ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સંબંધીત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (શ્રમ નિયામકશ્રી ગુ.રા., કર્મયોગી ભવન, ગાંધીનગર મારફત)
- નાણા સલાહકારશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આઇ.ટી.સેલ, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ -શાખા/નાયબ સેકશન અધિકારી – ૨૦૨૬.

સિલિકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને અરજી કરવામાં વધુ સરળતા રહે તે માટે યોજનાઓ અંગેની કામગીરી બાબતે જે-તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓને નોડલ અધિકારીશ્રી તરીકે જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M2

તા. 21 APR 2026

**વંચાણે લીધો-**

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/ 2024/0609/M2

(૨) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના તા.૧૦/૦૪/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: ગશ્રક/ બોર્ડ/ સિ.કો./૨૦૨૬/૧૨૮૬

**પરિપત્ર**

આથી તમામ સરકારી શ્રમ અધિકારીશ્રીઓ, મદદનીશ શ્રમ આયુકતશ્રીઓ, નાયબ/મદદનીશ નિયામકશ્રીઓ તેમજ ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારીશ્રીઓને પરિપત્રિત કરી જણાવવામાં આવે છે કે, રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોવાના લીધે આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના સરકારશ્રીના ઉકત વંચાણે લીધા ક્રમાંક(૧)થી ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૨) થી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કરેલ દરખાસ્તને અનુરૂપ <u>માન.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા SCA No.4137/2024 તારીખ:૩૦/૦૩/૨૦૨૬ના ઓરલ ઓર્ડર અન્વયે,</u> સિલિકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને અરજી કરવામાં વધુ સરળતા તેમજ સ્પષ્ટતા મળી રહે તેમજ એકજ જ્ગ્યાએ તેઓને લાગુ પડતી ગુજરાત સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી બોર્ડની યોજના

તથા ગુજરાત સરકારના અન્ય વિભાગો દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓમાંથી તેઓને લાગુ પડતી યોજનાઓ અંગેની કામગીરી બાબતે જે-તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓને નોડલ અધિકારીશ્રી તરીકે જાહેર કરવામાં આવે છે. તેમજ આ નોડલ અધિકારીશ્રીઓએ ઉક્ત અરજદારોને તેમને લાગુ પડતી યોજનાઓના ફોર્મ ભરાવવાની તેમજ આ યોજનાઓના લાભ મળે તે સુનિશ્ચિત કરવાની કામગીરી કરવાની રહેશે.

વધુમાં સિલિકોસીસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને આર્થિક સહાય આપવા અંગેની યોજનાનો નોડલ અધિકરીશ્રીઓ દ્વારા જીલ્લા કક્ષાએ બહોળો પ્રચાર થાય તે મુજબ પણ કાર્યવાહી કરવાની રહેશે.

eSD/-

**(દ્રષ્ટિ શાહ)**

**નાયબ સચિવ**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

**<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના:</u>**

(૧) સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી(શ્રમ) શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગરતરફ જાણ સારૂ.

(૩) શ્રમ નિયામકશ્રી,શ્રમ નિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૪) સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૫) મદદનીશ શ્રમ આયુક્તશ્રી તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૬) સરકારી શ્રમ અધિકારીશ્રી અને નોડલ અધિકારીશ્રી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,શ્રમભવન, ખાનપુર,અમદાવાદ

(૮) મદદનીશ નિયામકશ્રી,ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૯) સંયુકત નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ

બોર્ડ, ગાંધીનગર.

(૧૦) શાખા સિલેક્ટ ફાઇલ

Letter No: LED/0267/04/2026 Approved Date: 21-04-2026

રાજયમાં રોકાયેલા અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના.

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

સચિવાલય, ગાંધીનગર.

તા. 21 APR 2026

<u>વંચાણે લીધા:</u>

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/2024/0609/M2

(૨) માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.30/03/૨૦૨૬નો ઓરલ ઓર્ડર

(3) ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૭/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ગ્રશ્રક/બોર્ડ/સિલિકોસીસ/૨૦૨૬/૧૪૨૬

<u>આમુખ:</u>

રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/ બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોય છે. આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

સંદર્ભ (૩)ના પત્રથી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તા.૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવની જોગવાઈઓમાં કેટલીક વધુ સ્પષ્ટ જોગવાઈ સૂચવતા સુધારા કરવા દરખાસ્ત કરેલ હતી. સંદર્ભ (૧) પરના ઠરાવના <u>અરજી પત્રકના ભાગ નં.૨ માં "અકિક" ની જગ્યાએ "અકીક/પથ્થર/ બાંધકામ" ના વ્યવસાયમાં રોકાયેલ મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.</u>

<u>સુધારા ઠરાવ</u>:

સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે આથી સંદર્ભ (૧) દર્શાવેલ ઠરાવમાં નીચેની વિગતો ઉમેરીને સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવના <u>અરજી પત્રકના ભાગ નં.૨ માં "અકિક" ની જગ્યાએ "અકીક/પથ્થર/ બાંધકામ" ના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે." મુજબનો સુધારો કરવામાં આવે છે.</u>

તા.૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવની અન્ય શરતો અને પરિશિષ્ટની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSD/-

(દ્રષ્ટિ શાહ)

નાયબ સચિવ

Signature valid
Signed by : Drashti shah
Under Secretary
Labour,Skill Development and
Employment Department
Date 2026.04.21 16:59:04 IST

File No: LED/LAD/e-file/11/2024/0609/M3-Section
Approved By: Secretary,LED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: LED/0267/04/2026 Approved Date: 21-04-2026

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

%બિડાણ: <u>અરજી પત્રકનું ભાગ નં.૨</u>

નકલ રવાના:-

1. માન.મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. - ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
7. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
8. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
11. નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
12. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
13. નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
15. આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
16. નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
17. શાખા સિલેક્ટ ફાઇલ.

**ભાગ-૨**

**સરકારી શ્રમ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસની વિગત**

કેસ રજીસ્ટર નંબર:...................................... વર્ષ :...................... તારીખ :.......................................

અરજદારશ્રી.......................................................................ઉંમર(વર્ષ)................તાલુકો:......................

જીલ્લો................................................ એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં પ્રાથમિક ચકાસણી કરેલ છે અને સદરહું અરજીમાં અરજદારશ્રીના વ્યવસાય અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીએ કરી આપેલ ખરાઈ પ્રમાણપત્રના આધારે અરજદારશ્રી અકિક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે.

આથી અરજદારશ્રીને આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાયના ચુકવણા અંગે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગરને આથી ભલામણ કરવામાં આવે છે.

સહી/-

સરકારી શ્રમ અધિકારી

.........................................................

તારીખ : ..............................................

સ્થળ:- ...............................................

**અરજી જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મંજુરી અર્થે મોકલ્યા અંગેની વિગત**

આઉટવર્ડ ક્રમાંક ..............................................................................................................

તારીખ ...............................................

**રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના.**

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M2
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૭/૦૧/૨૦૨૬

## વંચાણે લીધાઃ

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૧૨/૧૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/ 2024/ 0609/M3

(૨) માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર

(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, ગાંધીનગરનો તા.૦૨/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક:HEC/0046/01/2026

(૪) ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરનો તા.૦૬/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ગ્રશ્રક/બોર્ડ/સિલિકોસીસ/૨૦૨૬/૨૮૨૯

**આમુખઃ**

રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/ બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોય છે. આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનના વંચાણે લીધા ક્રમ-૩ પરના પત્રથી સિલિકોસીસથી પિડિત દર્દીઓ માટે તમામ પ્રકારના નિદાન અને સારવારની સુવિધાઓ રાજયના તમામ સ્તરના સરકારી દવાખાઓમાં વિના મૂલ્યે તથા જિલ્લા હોસ્પિટલો તથા જી.એમ.ઈ.આર.એસ. કોલેજો ખાતે ઓક્સિજન સહિત સારવારની સુવિધાઓ તેમજ સિલિકોસીસની બિમારી અંગેનું નિદાન પણ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા સંબંધિતોને જણાવેલ છે.

આવા વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડીત શ્રમયોગીઓને આર્થિક સહાય મળી રહે તે બાબતે સરકારશ્રીના ઉકત સંદર્ભિત-૧ થી ઠરાવ કરવામાં આવેલ છે, પરંતુ વ્યવસાયલક્ષી સિલીકોસીસની બિમારીથી પીડીત શ્રમયોગીઓને આર્થિક સહાય મળી રહે તે બાબતે અરજદારને અરજી કરવામાં વધુ સરળતા તેમજ સ્પષ્ટતા મળી રહે તે હેતુથી ઉકત તારીખ:૧૨/૧૨/૨૦૨૫નો સંદર્ભિત-૧નો ઠરાવ રદ કરવામાં આવે છે તેમજ પુખ્ત વિચારણના અંતે નીચે મુજબની યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) યોજનાનું નામઃ-

"રાજયમાં અકીક/ પથ્થર/ બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકોને વ્યવસાયલક્ષી સિલીકોસિસ રોગની બિમારીમાં આર્થિક સહાય આપવા અંગેની યોજના" તરીકે ઓળખાશે.

(૨) આ યોજનાનો અમલઃ-

આ યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે.

(૧) આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે.

(૨) શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સદર યોજનાના વ્યવસ્થિત અમલીકરણ બાબતે સમયાંતરે રીવ્યૂ કરવાનો રહેશે.

(૩) હેતુઃ-

રાજયમાં અકીક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી તેઓને ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કન્ડીશન્સ કોડ,૨૦૨૦ની અનુસૂચિ-3 માં જણાવેલ રોગો પૈકી ક્રમ-૧૨ પર દર્શાવેલ સિલીકોસીસ રોગ થવાની સંભાવનાઓ વધુ છે. આ રોગથી ઉકત પ્રકારના શ્રમયોગીઓ પીડીત હોય તો તેઓને આર્થિક સહાય આપવા અંગેનો હેતુ છે.

(૪) લાભાર્થીની પાત્રતાઃ-

અકિક/પથ્થર ઉદ્યોગ/બાંધકામમાં રાજયના કોઇપણ સ્થળે કામ કરતા અસંગઠિત શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડીત હોય, વર્કમેન કમ્પેનશેસન કે ઇ.એસ.આઇ.સી. હેઠળના કોઇ પણ કમ્પેનશેસનનો લાભ જેને મળવાપાત્ર નથી તેવા પીડીતોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) આર્થિક સહાયનું ધોરણ-

આ યોજના હેઠળ સિલીકોસીસ જેવા ગંભીર રોગથી પીડીત હોય તેવા પીડીતોને રૂ.3,00,000/- (ત્રણ લાખ)ની સહાય મળવાપાત્ર થશે.

(૬) **યોજનાના અમલીકરણની કામગીરીઃ-**

આ યોજનાના અમલીકરણની કામગીરી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ કરવાની રહેશે. નિયામકશ્રી - ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રની સંબંધિત જીલ્લાની કચેરીના સક્ષમ અધિકારી અને સર્ટીફાઇંગ સર્જન અરજદાર સિલિકોસીસથી પીડીત છે કે કેમ તે અંગેનું ખરાઇ કરીને પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરવાની રહેશે અને પાત્રતાના કિસ્સામાં આર્થિક સહાય ચૂકવવા અંગે ભલામણ કરવાની રહેશે. અરજદાર અસંગઠિત/ સ્વાશ્રયી ક્ષેત્રમાં સંકળાયેલ છે કે કેમ તે બાબતની ખરાઇ શ્રમતંત્રના સરકારી શ્રમ અધિકારીશ્રીએ કરવાની રહેશે અને પાત્રતાના કિસ્સામાં આર્થિક સહાય ચૂકવવા અંગે ભલામણ કરવાની રહેશે. તથા ઉક્ત ખરાઇ બાદ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને ભલામણ સાથે અસલમાં મોકલી આપવાની રહેશે.

(૭) **આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી રજૂ કરવાની પદ્ધતિઃ**

આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર શ્રમયોગીઓ/ સ્વાશ્રયી વ્યવસાયિકો દ્વારા સંબંધિત જીલ્લા કક્ષાએ ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રની કચેરી અથવા શ્રમતંત્રની કચેરીએથી આર્થિક સહાય અંગેનું નિયત અરજીપત્રક ભરીને તે અંગેના અન્ય સાધનિક કાગળોની પ્રમાણિત નકલો સહિત બે નકલોમાં ઉકત સબંધિત જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીએ અથવા જીલ્લાની સરકારી શ્રમ અધિકારીની કચેરીએ પહોંચાડવાનું રહેશે.

(૮) **આ યોજના હેઠળની આર્થિક સહાય મેળવવા અંગેની અરજીઓના નિકાલ બાબતઃ-**

આ યોજના હેઠળ પાત્રતા ધરાવનાર પીડીત શ્રમયોગી તરફથી નિયત નમૂનામાં અરજી મળ્યા બાદ જીલ્લા કક્ષાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી અથવા જીલ્લાની સરકારી શ્રમ અધિકારીની કચેરીના વર્ગ-૨ના અધિકારી દ્વારા અરજી સાથેના જરૂરી કાગળોની પ્રાથમિક ચકાસણી કરીને અધૂરી અરજીના કિસ્સામાં અરજદાર પાસે જરૂરી પૂર્તતા **દિન-૧૫માં** કરાવવાની રહેશે. જે પૂર્તતા થયા બાદ ચકાસેલ અને સાધનિક કાગળો સાથેની સંપૂર્ણ અરજીઓની બંને નકલો તે જીલ્લાના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના સર્ટીફાઇંગ સર્જનને મોકલવાની રહેશે. **સર્ટીફાઇંગ સર્જન, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા શ્રમયોગીનું સિલીકોસીસથી પીડીત અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અથવા પ્રમાણપત્રની ખરાઇ કરાવવાની રહેશે.**

સબંધિત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની જીલ્લા કચેરીના સર્ટીફાઇંગ સર્જનશ્રીએ સિલીકોસીસથી પીડીત હોવા અંગેનું પ્રમાણિત કર્યા બાદ આવી અરજીઓ સબંધિત જીલ્લાના

સંયુકત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યને પરત મોકલવાની રહેશે અને તે પૈકીની સબંધિત વ્યકિતને મળવાપાત્ર સહાય નામંજૂર થવા પાત્ર હોય,તો નામંજૂર થવાના કારણોની અરજદારને જાણ કરી, અરજી પરત કરવાની રહેશે. જો અરજી મંજુર કરવાપાત્ર જણાય, તો સબંધિત જીલ્લાના સંયુકત/નાયબ/મદદનીશ નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા સંબંધિત કેસ જીલ્લા કક્ષાએ સરકારી શ્રમ અધિકારીની કચેરીને મોકલી આપશે.

સરકારી શ્રમ અધિકારીએ અરજદાર અસંગઠિત/સ્વાશ્રયી ક્ષેત્ર સાથે સંકળાયેલ છે કે કેમ એ બાબતે ખરાઇ કરી, સહાય ચૂકવણીની ભલામણ સાથે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને મોકલવાની રહેશે.

(૯) યોજનાના ખર્ચનું સદર (બજેટ હેડ):-

આ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ સહાયનો ખર્ચ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને જે તે નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૫૭, મુખ્ય સદર ૨૨૩૦-શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર-૦૧ શ્રમ, ગૌણ સદર ૧૧૧ મજુરોની સામાજીક સુરક્ષા, પેટા સદર (૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ – અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ. ૬ (છ) કરોડની જોગવાઈથી અનુભાગ-૧ હેઠળ ઉધારવાનો રહેશે.

(૧૦) સદરહું ઠરાવની અમલવારી પ્રસિધ્ધ થયા તારીખ થી કરવાની રહેશે.

(૧૧) અન્ય શરતો:-

a. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાંકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ રાખવાની રહેશે.

b. પારદર્શક પ્રકિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

c. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનુ રહેશે.

d. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

e. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

f. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

g. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનુ રહેશે.

h. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

i. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

j.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

k.પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

l.આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

m.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

n.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

o.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

p.સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

q.પ્રસ્તુત બાબતનો ખર્ચ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ પછી કરવાનો રહેશે.

r.આ ગ્રાન્ટ શ્રમ આયુક્તશ્રીની કચેરી મારફતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના હવાલે મૂકવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દ્રષ્ટિ શાહ)
નાયબ સચિવ (શ્રમ)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનં કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧ , સચિવાલય , ગાંધીનગર

- માન.મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-૩,કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
- નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

<u>વિના મુલ્યે</u>

ગુજરાત સરકાર

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર

**રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા**

**સિલીકોસિસથી પીડીત શ્રમિકોને આર્થિક સહાય આપવા અંગેની યોજના**

**અરજી પત્રક**

હું નીચે સહી કરનાર અરજદાર શ્રી/શ્રીમતી ---------------------------------------- અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ છું. હું હાલમાં સિલીકોસીસ રોગથી પીડીત છુ. જેથી શ્રમયોગી વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી પીડીત હોવાના કિસ્સામાં આર્થિક સહાય મેળવવા અંગેની યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી જરૂરી બિડાણો સહિત આ સાથે રજુ કરૂં છું.

(૧) સિલીકોસીસ રોગને કારણે પીડીત વ્યકિતની રજુ કરવાની વિગતોઃ-

(એ) લાભાર્થી શ્રમિકનું આખું નામઃ.....................................................................................................

(બી) કાયમી પુરૂ સરનામું.......................................................................................................................

(સી) લાભાર્થી અકીક/પથ્થર/બાંધકામના ના વ્યવસાયમાં કયારથી આ કામ કરતા હતા? વર્ષ...............

(ડી) અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં કઇ રીતે કાર્ય કરતા હતા ? સ્વાશ્રયી/શ્રમયોગી ...............

(ઇ) અકીક/પથ્થર/બાંધકામનાવ્યવસાયનું સરનામું ...........................................................................

(એફ) સિલીકોસીસ રોગ ક્યારથી થયેલ છે? તારીખ.....................................................................................

(જી) હાલમાં સારવાર ચાલુ છે તે અંગે પ્રમાણપત્ર આપનાર હોસ્પિટલ/દવાખાનાનું નામ, ડૉક્ટરનું નામ અને સરનામું .......................................................................................................................

(એચ) આ અરજી સમયે સરકારમાંથી અન્ય કોઇ સહાય મળેલ નથી. કે મેળવવા અરજી કરેલ નથી. તે મતલબનું રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તા..........................ના રોજ કરેલ સોગંદનામું અસલમાં આ સાથે રજુ કરેલ છે.

(આઈ) કેન્સલ ચેક્નો ફોટો અથવા બેંક પાસબુકની નકલ સામેલ છે કે કેમ? હા / ના

(જે) લાભાર્થીનો ઈ-શ્રમ કાર્ડ નંબર (હોય તો) : ..........................................................................................

(કે) અરજદારની બેંકની વિગત

- નામ:--------------------------------------------------------------------------
- બેંકનું નામ : ----------------------------------------------------------------
- બેંકનું સરનામું : ------------------------------------------------------------
- બચત ખાતા નંબર : -------------------------------------------------------------
- I.F.S.C. કોડ નંબર : ---------------------------------------------------------

આથી હું ખાતરી આપું છું કે, મેં જણાવેલ ઉપરની વિગતો સાચી અને ખરી છે અને સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા માટે જો મે કોઈ ખોટી વિગતો/હકીકતો રજુ કરીને લાભ મેળવેલ હશે તો મારી સામે ફોજદારી કેસ થઇ શકે છે અને આ રકમ પરત ભરપાઇ કરવાની આથી હું બાંહેધરી આપું છું.

લાભાર્થી/અરજદારનું નામ
સહી/ અંગુઠાનું નિશાન

..............................................................................

નોંધઃ- અંગુઠાનું નિશાન હોય તો તેની
ઓળખ આપનાર વ્યકિતનું નામ,સરનામું,ફોન નંબર અને
સહી/- ..........................................................................

**લાભાર્થીની ઓળખ આપનાર વ્યકિત(સાક્ષી)**

(૧)નામ........................................................ સરનામું.....................................
સહી................................
(૨)નામ........................................................ સરનામું.....................................
સહી.................................

**ભાગ-૧**

**જીલ્લાની ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીની તપાસની વિગત**

**કેસ રજીસ્ટર નંબરઃ.........................................** **વર્ષઃ..........................**

તારીખઃ....................................

અરજદારશ્રી....................................................................ઉંમર(વર્ષ)................તાલુકોઃ....................

.......... જીલ્લો................................................. એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં સંપૂર્ણ ચકાસણી કરેલ છે અને અરજદાર સીલીકોસીસ રોગથી પીડીત છે તેમ હું ઠરાવુ છું.

આથી આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાય અંગે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવાની મંજુરી સાથે ભલામણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **સર્ટીફાઇંગ સર્જન** | **જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને** |
| **ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી** | **સ્વાસ્થ્યની કચેરી** |
| **નામ/સહી/હોદાનો સિકકો** | **નામ/સહી/હોદાનો સિકકો** |

**તારીખ :** ..............................................

**સ્થળઃ-** ..............................................

**<u>અરજી જીલ્લાની સરકારી શ્રમ અધિકારીશ્રીની કચેરીને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત</u>**

**આઉટવર્ડ ક્રમાંક**

.................................................................................................................................

**તારીખ** ..............................................

**<u>અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત</u>**

**આઉટવર્ડ ક્રમાંક**

.................................................................................................................................

**તારીખ** ..............................................

## ભાગ-૨

## સરકારી શ્રમ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસની વિગત

કેસ રજીસ્ટર નંબર:.................................... વર્ષ :...................... તારીખ :....................................

અરજદારશ્રી.......................................................................ઉંમર(વર્ષ)................તાલુકોઃ.....................

. જીલ્લો................................................ એ રજુ કરેલ ઉકત દાવા અરજીની વિગતો અંગે મેં પ્રાથમિક ચકાસણી કરેલ છે અને સદરહું અરજીમાં અરજદારશ્રીના વ્યવસાય અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીએ કરી આપેલ ખરાઈ પ્રમાણપત્રના આધારે અરજદારશ્રી અકિકના વ્યવસાયમાં રોકાયેલ હોવાનું જણાય છે.

આથી અરજદારશ્રીને આ યોજના હેઠળ આપવાની આર્થિક સહાયના ચુકવણા અંગે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગરને આથી ભલામણ કરવામાં આવે છે.

સહી/-

સરકારી શ્રમ અધિકારી

તારીખ : ...............................................

............................................................

સ્થળઃ- ..............................................

**અરજી જીલ્લાની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત**

આઉટવર્ડ ક્રમાંક

...........................................................................................................................................

તારીખ ................................................

**અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને આગળની કાર્યવાહી અર્થે મોકલ્યા અંગેની વિગત**

આઉટવર્ડ ક્રમાંક

...........................................................................................................................................

તારીખ ................................................

# એડવાન્સ રીસીપ્ટ

સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ...............................................તા........................... મુજબની એડવાન્સ રીસીપ્ટ

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ........................................................................ મું..........................તાલુકો...................................જીલ્લો................................ આથી પહોંચ લખી આપું છું કે, રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલ સિલીકોસીસ રોગથી પીડીતોને આર્થિક સહાય આપવા અંગેની યોજના હેઠળ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ,ગાંધીનગર તરફથી રૂ.............................../- (અંકે રૂપીયા..................................................................પુરા) આગળ મારી અરજીમાં જણાવેલ મારા બેંક ખાતામાં બારોબાર જમા મળેલ છે.

તારીખઃ-------------------------

સ્થળઃ-------------------------

| |
|---|
| રેવન્યુ સ્ટેમ્પ |

રાજયમાં અકીક / પથ્થર / બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના.

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧૨/૨૦૨૫

વંચાણે લીધાઃ

1. અત્રેનો તા.૦૪/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
2. અત્રેનો તા.૦૫/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
3. અત્રેનો તા.૦૯/૦3/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
4. અત્રેનો તા.૨૯/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
5. અત્રેનો તા.૧૩/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ /૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
6. અત્રેનો તા.૨૦/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ એલડબલ્યુંએસ/૧૪૨૦૧૧/૭૧૫૭૫૧/મ-3
7. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ એલઇડી/બીજેટી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨3/૨૧૯૮/મ(૨)
8. અત્રેનો તા.૧૧/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M3
9. માન. ગુજરાત હાઈકોર્ટનો SCA No.4137 of 2024 અન્વયે તા.૨૪/૧૧/૨૦૨૫નો ઓરલ ઓર્ડર
10. સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનો તા.૦૬/૧૨/૦૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ ગશ્રક/બોર્ડ/સિલિકો/પીડિત – ઠરાવ સુધારા હુકમ/૨૦૨૫/૨૬૬3

આમુખઃ

રાજ્યમાં અકિક/પથ્થર/બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત સ્વાશ્રયી વ્યવસાયિકો આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાસોચ્છ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય છે. આવા શ્રમયોગીઓને એમ્પ્લોઇઝ કમ્પેન્સેશન એકટ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ કે બાંધકામ શ્રમયોગીની યોજના હેઠળ કોઇ લાભ મળવાપાત્ર થતો ન હોઇ અને તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે અવસાન પામે તો તેવા શ્રમયોગીના અવસાનના કિસ્સામાં તેના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં

આવેલ છે. ઉકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી (૭) મુજબ રાજ્યમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોના અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રૂ. ૪.૦૦ લાખની આર્થિક સહાય આપવા અંગેની નીતિ નિયત કરવામાં આવેલ છે.

આ યોજનામાં વંચાણે લીધા (૮) થી સિલિકોસીસથી અવસાનની તારીખથી ૦૨ વર્ષમાં અરજી પત્રક ભરીને આપવાની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ. વધુમાં, આ ૦૨ વર્ષના સમયગાળા બાદ અરજી મળે તો તેની નિયમોનુસારની ચકાસણી કરી સમયગાળા સિવાયની તમામ જોગવાઈઓ પરિપૂર્ણ થયેથી અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને જરૂરી અભિપ્રાય સહિત મોકલી આપવાની રહેશે તથા વિલંબના કારણોને ધ્યાને લઈને આવેલ અરજી પર ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવશ્રીએ ગુણદોષના આધારે નિર્ણય લેવાનો રહેશે, તેમ આથી ઠરાવવામાં આવેલ.

વંચાણે લીધા (૯) પરના માન. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના આદેશ મુજબ ઉક્ત વંચાણે લીધા (૮) થી કરેલ ઠરાવ બાબતે સ્પષ્ટતા દર્શાવતો ઠરાવ કરવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (૧૦) થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાના અંતે રાજયમાં અકીક/પથ્થર/બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકો (Self Employed) નું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલીકોસિસથી અવસાન થાય તે કિસ્સામાં સિલિકોસીસના દર્દીના મૃત્યુ બાદ તેઓના વારસદારો દ્વારા આ યોજના અન્વયે ભૂતકાળમાં સમયમર્યાદા બાદ અરજી રજૂ થવાથી વિલંબના કારણે નામંજૂર/દફતરે કરવામાં આવેલ અરજીઓ તથા વારસદારો દ્વારા અરજી કરવામાં આવેલ ન હોય તો તેવા વારસદારોની અરજી મળ્યેથી સમય મર્યાદાને અવગણી, વિલંબ ગ્રાહ્ય રાખી, નિયમોનુસાર ચકાસણી કરી, યોગ્ય જણાયેથી જરૂરી અભિપ્રાય/ભલામણ સહિત અરજી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને મોકલી આપવાની રહેશે તથા સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે, તેમ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઋચિર અમીન)
સેકશન અધિકારી
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં. – ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (નાણા), બ્લોક-૪ , સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, E1,E2,F2 વીંગ, પ્રથમ માળ, બ્લોક નં-3, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.